વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થી માટે અત્યંત ઉપયોગી સાપ્તાહિક

# વર્તમાન પ્રવાહો

**Part-2** E-COPY


**11/08/2022 to 20/08/2022**












કોમનવેલ્થ ગેમ્સ – 2022 Commonwealth Games – 2022

12 ઓગસ્ટ : ડૉ. વિક્રમ સારાભાઈની જન્મજયંતી

ISRO દ્વારા "AzaadiSAT" અને "EOS-02" ઉપગ્રહો લોન્ચ કરવામાં આવ્યા.

ભારતની પ્રથમ રાજયકક્ષાની યુનિવર્સિટી 'કૌશલ્ય – ધ સ્કિલ યુનિવર્સિટી' અંતર્ગત 'સ્કુલ ઓફ ડ્રોન' નો શુભારંભ


પેજ નં. 04

ગુજરાતમાં સુરેન્દ્રનગરના દુધરેજ ખાતે રાજય કક્ષાના '73 માં વન મહોત્સવ' નો પ્રારંભ.


પેજ નં. 09

RBI દ્વારા ડિજિટલ લોન (ધિરાણ)ને નિયંત્રિત કરવા માટે માર્ગદર્શિકા જાહેર


પેજ નં. 15

ભારતની પ્રથમ ઈલેક્ટ્રિક ડબલ–ડેકર બસ 'Switch EiV 22' શરૂ કરવામાં આવી

GPSC-I/II | GPSC-III | નાયબ મામલતદાર
PSI-ASI | CONSTABLE | તલાટી | બિન સચિવાલય
BANK | SBI | IBPS | SSC | RAILWAY


(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)

# અનુક્રમણિકા

| ક્રમ | મુદ્દાઓ | પાના નંબર |
|---|---|---|
| | **ગુજરાત** | |
| 1 | ગુજરાતમાં સુરેન્દ્રનગરના દુધરેજ ખાતે રાજ્ય કક્ષાના '73 માં વન મહોત્સવ' નો પ્રારંભ. | 04 |
| 2 | ગુજરાતમાં રાજ્યકક્ષાના 76માં સ્વતંત્રતા પર્વની ઉજવણી અરવલ્લી જિલ્લામાં કરવામાં આવી. | 05 |
| 3 | ભારતની પ્રથમ રાજ્યકક્ષાની યુનિવર્સિટી 'કૌશલ્ય – ધ સ્કિલ યુનિવર્સિટી' અંતર્ગત 'સ્કુલ ઓફ ડ્રોન' નો શુભારંભ | 07 |
| 4 | ગુજરાતના રાજકોટ ખાતે "રામ વન" ધ અર્બન ફોરેસ્ટનું મુખ્યમંત્રીએ લોકાર્પણ કર્યુ. | 07 |
| | **રિપોર્ટ અને ઈન્ડેક્સ** | |
| 5 | ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન દ્વારા 'ગ્લોબલ એમ્પલોયમેન્ટ ટ્રેન્ડસ ફોર યુથ 2022' રિપોર્ટ જાહેર | 07 |
| | **અર્થવ્યવસ્થા** | |
| 6 | ભારતીય રિઝર્વ બેંકની નવી નાણાકીય નીતિ અંતર્ગત વિવિધ સર્વેક્ષણો હાથ ધરવામાં આવ્યા | 08 |
| 7 | કેન્દ્ર સરકાર દ્વારા તુવેર દાળના ભાવ વધારા પર નિયત્રણ લગાવવા માટે Essential Comodities Act - 1955 લાગુ કરવામાં આવ્યો | 09 |
| 8 | RBI દ્વારા ડિજિટલ લોન (ધિરાણ)ને નિયંત્રિત કરવા માટે માર્ગદર્શિકા જાહેર | 09 |
| | **યોજના, પોર્ટલ અને એપ્લિકેશન** | |
| 9 | કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા સ્માઈલ - 75 પહેલ લોન્ચ કરવામાં આવી | 10 |
| 10 | નેશનલ ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી અવેરનેસ મિશન (NIPAM) એ 1 મિલિયન વિદ્યાર્થીઓને બૌદ્ધિક સંપદા (IP) અંગે તાલીમ આપવાનું લક્ષ્ય હાસલ કર્યુ | 10 |
| | **પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી** | |
| 11 | હિમાચલ પ્રદેશમાં ભારત–અમેરિકા સંયુકત કવાયત 'વજ્ર પ્રહાર–2022' યોજાઈ | 12 |
| 12 | ISRO દ્વારા "AzaadiSAT" અને "EOS-02" ઉપગ્રહો લોન્ચ કરવામાં આવ્યા | 12 |
| 13 | કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહે ભારતીય સેના માટે 'NIPUN' અને F-INSAS નામના હથિયારો લોન્ચ કર્યા | 13 |
| 14 | ભારત સરકાર દ્વારા 'મંથન પ્લેટફોર્મ' (Manthan Platform) લોન્ચ કરવામાં આવ્યું | 13 |
| 15 | ભારત સરકાર દ્વારા વધુ 11 રામસર સાઈટ્સ ઉમેરવામાં આવ્યા | 13 |
| 16 | ભારતની પ્રથમ ઈલેકિટ્રક ડબલ–ડેકર બસ 'Switch EiV 22' શરૂ કરવામાં આવી | 15 |
| | **રમત–જગત, નિમણૂક, વ્યકિત, પુસ્તક અને નિધન** | |
| 17 | કોમનવેલ્થ ગેમ્સ – 2022 (Commonwealth Games – 2022) | 15 |
| 18 | વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ (CSIR)ના પ્રથમ મહિલા ડિરેકટર તરીકે ડૉકટર એન.કલાઈસેલ્વીની નિમણૂંક | 20 |

| | | |
|---|---|---|
| | **એવોર્ડ અને પુરસ્કાર** | |
| 19 | પ્રસિદ્ધ લેખક શશિ થરૂરને "શેવેલિયર ડીલા લીજન ડી ઓનર" પુરસ્કાર એનાયત | 22 |
| 20 | તાજેતરમાં 1082 જવાનોને "રાષ્ટ્રપતિ પોલીસ મેડલ" આપવામાં આવ્યા | 22 |
| | **મહત્વના દિવસો** | |
| 21 | 10 ઓગસ્ટ : વિશ્વ સિંહ દિવસ (World Lion Day) | 23 |
| 22 | 12 ઓગસ્ટ : આંતરરાષ્ટ્રીય યુવા દિવસ (Internation Youth Day) | 23 |
| 23 | 12 ઓગસ્ટ : વિશ્વ હાથી દિવસ (World Elephant Day) | 24 |
| 24 | 12 ઓગસ્ટ : વિશ્વ સંસ્કૃત દિવસ (World Sanskrit Day) | 24 |
| 25 | 12 ઓગસ્ટ : રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસ (National Librarian's Day) | 24 |
| 26 | 12 ઓગસ્ટ : ડૉ. વિક્રમ સારાભાઈની જન્મજયંતી | 25 |
| 27 | 15 ઓગસ્ટ : ભારતીય સ્વતંત્રતા દિવસ | 27 |
| 28 | 15 ઓગસ્ટ : મહર્ષિ અરવિંદ ઘોષની 150મી જન્મજયંતી | 27 |
| 29 | 19 ઓગસ્ટ : વિશ્વ માનવતા દિવસ | 28 |
| 30 | 19 ઓગસ્ટ : વિશ્વ ફોટોગ્રાફી દિવસ | 28 |
| 31 | 20 ઓગસ્ટ : વિશ્વ મચ્છર દિવસ | 28 |
| | **શબ્દાવલી** | |
| 32 | ડિજિટલ કરન્સી (Digital Currency) | 29 |
| | **Current Affairs Booster** | 30 |
| | **Facts.... Inshort** | 34 |


Banking Academy

## ગુજરાત

### ✸ ગુજરાતમાં સુરેન્દ્રનગરના દુધરેજ ખાતે રાજય કક્ષાના '73 માં વન મહોત્સવ' નો પ્રારંભ.




- રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે 12 ઓગસ્ટના રોજ સુરેન્દ્રનગર જીલ્લાના દુધરેજ ખાતે રાજયકક્ષાના 73 માં વન મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો.
- આ પ્રસંગે મુખ્યમંત્રીએ રાજયના 22 માં સાંસ્કૃતિક વન "વટેશ્વર વન" નું લોકાર્પણ કર્યું હતું. જે દુધરજે (સુરેન્દ્રનગર) ખાતે આવેલું છે.
- 73 માં વન મહોત્સવ અંતર્ગત રાજયમાં કુલ 10 કરોડથી વધુ વનસ્પતિ છોડનું વિતરણ કરવામાં આવશે.

❖ **વનમહોત્સવ :**

(1) વન મહોત્સવની શરૂઆત વર્ષ 1950 માં થઈ હતી. ત્યાર બાદ કનૈયાલાલ મુનશીએ 1960 ના દશકામાં આ વન મહોત્સવને આંદોલનનું સ્વરૂપ આપ્યું હતું.

(2) વનજાગૃતિ ફેલાવવા માટે ભારત સરકાર દર વર્ષે સામાન્ય રીતે જુલાઈ મહિનામાં વન મહોત્સવનું આયોજન કરે છે.

(3) ભારતમાં દર વર્ષે 1 જુલાઈ થી 7 જુલાઈ દરમ્યાન 'વન મહોત્સવ સપ્તાહ' ની ઉજવણી કરવામાં આવે છે.

(4) રાજયોમાં વનમહોત્સવની વર્ષા ઋતુના આધારે જુદા – જુદા દિવસોમાં તેની ઉજવણી કરવામાં આવે છે.

❖ **સાંસ્કૃતિક વન :**




- તે સમયના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા વન મહોત્સવની ઉજવણી પ્રસંગે ગુજરાતમાં વર્ષ 2004 થી સાંસ્કૃતિક વનોના નિર્માણનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- આ અંતર્ગત ગુજરાતમાં વર્ષ 2004 માં ગાંધીનગર ખાતે સૌપ્રથમ 'સાંસ્કૃતિક વન–પુનિત વન' નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.
- વર્ષ 2005 થી ગુજરાતમાં વન મહોત્સવની ઉજવણી ગાંધીનગરની જગ્યાએ ગુજરાતના જુદા – જુદા સ્થળોએ કરવામાં આવે છે. અને સાંસ્કૃતિક વનોનું નિર્માણ કરી લોકાર્પણ કરવામાં આવે છે.
- ગુજરાતમાં ઓગસ્ટ, 2022 સુધીમાં કુલ 22 સાંસ્કૃતિક વનોનું લોકાપર્ણ કરવામાં આવ્યું છે.

**ગુજરાતમાં આવેલ સાંસ્કૃતિક વનો**

| ક્રમ | સાંસ્કૃતિક વનનું નામ | જિલ્લો | સ્થળ | વર્ષ |
|---|---|---|---|---|
| (1) | પુનિત વન | ગાંધીનગર | સેકટર – 18 | 2004 |
| (2) | માંગલ્ય વન | બનાસકાંઠા | અંબાજી | 2005 |
| (3) | તીર્થંકર વન | મહેસાણા | તારંગા | 2006 |
| (4) | હરિહર વન | ગીર સોમનાથ | સોમનાથ | 2007 |
| (5) | ભક્તિ વન | સુરેન્દ્રનગર | ચોટીલા | 2008 |
| (6) | શ્યામલ વન | અરવલ્લી | શામળાજી | 2009 |
| (7) | પાવક વન | ભાવનગર | પાલિતાણા | 2010 |

| | | | | |
|---|---|---|---|---|
| (8) | વિરાસત વન | પંચમહાલ | પાવાગઢ | 2011 |
| (9) | ગોવિંદગુરુ સ્મૃતિ વન | મહીસાગર | માનગઢ હિલ ગઢડા | 2012 |
| (10) | નાગેશ વન | દેવભુમિ દ્વારકા | દ્વારકા | 2013 |
| (11) | શકિત વન | રાજકોટ | કાગવડ | 2014 |
| (12) | જાનકી વન | નવસારી | વાંસદા | 2015 |
| (13) | આમ્રવન | વલસાડ | ધરમપુર | 2016 |
| (14) | એકતા વન | બારડોલી | સુરત | 2016 |
| (15) | મહીસાગર વન | વહેળાની ખાડી | આણંદ | 2016 |
| (16) | શહિદ વન | ભૂચર મોરી (ધ્રોલ) | જામનગર | 2016 |
| (17) | વીરાંજલિ વન | પાલ–દઢ–વાવ | સાંબરકાંઠા | 2017 |
| (18) | શૌર્યવન | કચ્છ | માધાપર | 2018 |
| (19) | જડેશ્વર વન | અમદાવાદ | ઓઢવ | 2019 |
| (20) | રામ વન | રાજકોટ | આજીડેમ | 2020 |
| (21) | મારૂતિનંદન વન | વલસાડ | કલગામ | 2021 |
| (22) | વટેશ્વર વન | સુરેન્દ્રનગર | દુધરેજ | 2022 |

**✷ ગુજરાતમાં રાજયકક્ષાના 76માં સ્વતંત્રતા પર્વની ઉજવણી અરવલ્લી જિલ્લામાં કરવામાં આવી.**

- આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી દેશભરમાં ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી છે.
- રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે રાજયકક્ષાના 76માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અરવલ્લી જીલ્લાના મોડાસા ખાતેથી ત્રિરંગો લહેરાવી ગુજરાતના સર્વાંગી વિકાસની ગાથા આલેખી હતી.
- આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે આરોગ્ય સુખાકારીને ગુજરાત સરકારે સમાજના વિકાસનો મુખ્ય આધાર બનાવ્યો છે અને વેકિસનેશનમાં ગુજરાત દેશભરમાં અગ્રેસર છે તથા એર એમ્બ્યુલન્સ શરૂ કરનારું પણ ગુજરાત દેશનું પ્રથમ રાજય છે.
- રાજયકક્ષાના સ્વતંત્રતા પર્વની ઉજવણીની પૂર્વ સંધ્યાએ મોડાસા ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો, જેમાં રાજયના રાજયપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ હાજર રહયાં હતા. મુખ્યમંત્રીએ આ પ્રસંગે અરવલ્લી જિલ્લાને 85 કરોડ રૂપિયાની વિકાસલક્ષી યોજનાઓની ભેટ આપી હતી.
- આ પ્રસંગે 'શામળાજી મંદિર' ને યાત્રાધામ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું.
- આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી 12 માર્ચ, 2021 થી 15 ઓગસ્ટ, 2023 સુધી કરવામાં આવશે.



Govt. Job
મેળવવાની
સુવર્ણ તક

# IBPS Recruitment - 2022

Online Form: 2nd August 2022 To 22nd August 2022

**Education Qualification**

**Any Graduates**

# IBPS PO

(Officer)

**Total Vacancies**

**6432+**

**We are History Creator**

**2570+**

**Highest Selections in**

**Govt Banks PO/CLERK**

**Join Gujarat Top Ranked Institute .....**

**ADMISSION OPEN**

**Don't Wait..! Join Now Your Nearest Branch**

(Creating A Way For Govt. Jobs)

**Banking Academy**


(Preparation for All Types of Competitive Exams)

**New Class starts From**

**08th August, 2022**

| Branch | Phone |
|---|---|
| Surat (HO-Udhna) | Ph. : 70461 40555 |
| Varachha (Surat) | Ph. : 70464 16555 |
| Navsari | Ph. : 70466 41555 |
| Vyara | Ph. : 90998 64658 |

## ✸ ભારતની પ્રથમ રાજયકક્ષાની યુનિવર્સિટી 'કૌશલ્ય – ધ સ્કિલ યુનિવર્સિટી' અંતર્ગત 'સ્કુલ ઓફ ડ્રોન' નો શુભારંભ




- ગુજરાતના ગાંધીનગરની ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (GNLU) ખાતેથી ડ્રોન તાલીમ માટે DGCA (Directorate General of civil Aviation) માન્ય ભારતની પ્રથમ રાજયકક્ષાની યુનિવર્સિટી દ્વારા ડ્રોન પાયલટ ટ્રેનિંગ વ્યવસ્થાનો રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા શુભારંભ કરવામાં આવ્યો હતો.
- કૌશલ્ય ધ સ્કિલ યુનિવર્સિટીને DGCA વિભાગ દ્વારા ડ્રોન પાયલટ ટ્રેનિંગ માટેની મંજુરી આપવામાં આવી છે.
- આ યુનિવર્સિટી ભારતમાં મંજુરી મેળવનાર પ્રથમ રાજયકક્ષાની યુનિવર્સિટી છે.
- આ યુનિવર્સિટીમાં રાજયના ખેડુતોને રાહતદરે ડ્રોન પાલઈટની તાલીમ આપવામાં આવશે. તેમજ રાજયની 50 ITI માં ડ્રોન અંગેની તાલીમ આપવામાં આવશે.

## ✸ ગુજરાતના રાજકોટ ખાતે "રામ વન" ધ અર્બન ફોરેસ્ટનું મુખ્યમંત્રીએ લોકાર્પણ કર્યુ.




- રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજીડેમ નજીક 47 એકર જમીનમાં અંદાજિત રૂ. 13.77 કરોડના ખર્ચ નવનિર્મિત "રામ વન" – ધ અર્બન ફોરેસ્ટ નું લોકાર્પણ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે કરાયું હતું.
- આ પ્રસંગે મુખ્યમંત્રીએ રાજકોટમાં 23 ઈલેકટ્રીક બસો અને તેના ચાર્જીંગ સ્ટેશનનું લોકાર્પણ કરીને બસોને લીલી ઝંડી આપી હતી.

# રિપોર્ટ અને ઈન્ડેક્સ

## ✸ ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન દ્વારા 'ગ્લોબલ એમ્પલોયમેન્ટ ટ્રેન્ડસ ફોર યુથ 2022' રિપોર્ટ જાહેર.




- તાજેતરમાં ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (ILO) દ્વારા 'ગ્લોબલ એમ્પ્લોયમેન્ટ ટ્રેન્ડસ ફોર યુથ 2022 : Investing in Transforming Future for young people શીર્ષક હેઠળનો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે.

❖ **Global Employment Trends for Youth 2022 રિપોર્ટના મુખ્ય મુદ્દાઓ :**

**(A) વૈશ્વિક સ્તરે**

- આ રિપોર્ટ મુજબ મહિલાઓનું પ્રમાણ રોજગાર અને વસતી ગુણોત્તરમાં ઓછું છે, જે દર્શાવે છે કે પુરુષોને નોકરી મળવાની સંભાવના યુવતીઓ કરતા 1.5 ગણા વધુ છે.
- આ રિપોર્ટ અનુસાર વર્ષ 2022 માં 40.3% પુરૂષોની સરખામણીમાં વૈશ્વિક સ્તરે 27.4% યુવતીઓ રોજગારમાં હોવાનો અંદાજ છે.
- આ રિપોર્ટ મુજબ વર્ષ 2022 માં વૈશ્વિક સ્તરે બેરોજગાર યુવાનોની કુલ સંખ્યા 73 મિલિયન સુધી પહોંચવાનો અંદાજ છે. જે વર્ષ 2021 ની સરખામણીમાં ઓછી છે.
- આ રિપોર્ટ મુજબ વર્ષ 2030 સુધીમાં યુનિવર્સલ ઈન્ટરનેટ કવરેજ હાંસલ કરવાથી વિશ્વભરમાં 25 મિલિયન નવી નોકરીઓનું સર્જન થશે.
- આ રિપોર્ટ અનુસાર આરોગ્ય સંભાળ ક્ષેત્રો (HealthCare Sectors) માં રોકાણ ના લીધે વર્ષ 2030 સુધીમાં યુવાનો માટે 17.9 મિલિયન વધુ નોકરીઓનું સર્જન થશે.

**(B) ભારત સંબધિત**

- આ રિપોર્ટ મુજબ યુવા રોજગાર દરમાં વર્ષ 2021 માં વર્ષ 2020 ની સરખામણીમા 0.9% નો ઘટાડો થયો છે.
- આ રિપોર્ટ અનુસાર ભારતમાં રોજગારમાં ઘટાડાની સ્થિતિ ખાસ કરીને 15 થી 20 વર્ષની વય જૂથ માટે ગંભીર છે.
- આ રિપોર્ટ મુજબ વર્ષ 2021 અને 2022 માં ભારતીય યુવાનોની સરખામણીમાં યુવતીઓએ વધારે રોજગારમાં ઘટાડો અનુભવાયો છે.
- આ રિપોર્ટ અનુસાર વૈશ્વિક શ્રમ બજારમાં ભારતીય યુવાનોની ભાગીદારી 16% છે. જયારે ભારતીય યુવતીઓની માત્ર 5% છે.
- આ રિપોર્ટ અનુસાર લગભગ કોવિડ–19ના કારણે 18 મહિના સુધી તમામ શાળાઓ બંધ રહી હતી અને જેમાં 24 કરોડ શાળાએ જતા બાળકોમાંથી માત્ર 8% ગ્રામીણ અને 23% શહેરી ક્ષેત્રોના બાળકો પાસે ઓનલાઈન શિક્ષણની એકસેસ હતી.

**ILO (International Labour Organization) વિશે....**

→ સ્થાપના : વર્ષ 1919 (વર્સેલ્સની સંધિ દ્વારા સ્થાપના)
→ વડુમથક : જીનીવા, સ્વિટ્ઝલેન્ડ
→ સભ્યદેશો : 187
→ ILO સંયુકત રાષ્ટ્ર (United nations) ની એકમાત્ર ત્રિપક્ષીય સંસ્થા (Tripartite Organization) છે.
→ વર્ષ 1946 માં ILO સંયુકત રાષ્ટ્ર સાથે જોડાયેલી પ્રથમ વિશિષ્ટ એજન્સી બની હતી.
→ વર્ષ 1969 માં ILO ને 'નોબેલ શાંતિ પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યો હતો.
→ ILO દ્વારા વર્લ્ડ ઓફ વર્ક રિપોર્ટ, વર્લ્ડ એમ્પ્લોયમેન્ટ એન્ડ સોશિયલ આઉટલુક ટ્રેન્ડસ 2022, વર્લ્ડ સોશિયલ પ્રોટેકશન રિપોર્ટ, સોશિયલ ડાયલોગ રિપોર્ટ અને ગ્લોબલ વેજ (Wage) રિપોર્ટ જાહેર કરવામાં આવે છે.

## અર્થવ્યવસ્થા

### ✱ ભારતીય રિઝર્વ બેંકની નવી નાણાકીય નીતિ અંતર્ગત વિવિધ સર્વેક્ષણો હાથ ધરવામાં આવ્યા.

- તાજેતરમાં ભારતીય રિઝર્વ બેંક દ્વારા તેની નવીનતમ નાણાકીય નીતિ સમીક્ષા અને સાત સર્વેક્ષણોની શરૂઆત કરવામાં આવી છે. જેમાં ઉપભોકતાના વિશ્વાસથી લઈને જીડીપી વૃદ્ધિની અપેક્ષાઓ છે.
- આ સર્વેક્ષણ મુજબ વધતી જતી વેપાર ખાધની સમસ્યાથી રૂપિયાના મૂલ્યમાં ઘટાડો એ પણ ભારતીય અર્થતંત્ર માટે મોટી ચિંતાનો વિષય છે.
- RBI દ્વારા લેવાયેલા સર્વે નીચે મુજબ છે.

**(1) કન્ઝયુમર કોન્ફિડન્સ સર્વે (Consumer Confidence Index)**

- કન્ઝયુમર કોન્ફિડન્સ સર્વેમાં 19 શહેરના લોકોને તેમની વર્તમાન ધારણાઓ (1 વર્ષ પહેલાની સરખામણીમાં) પૂછે છે અને સામાન્ય આર્થિક સ્થિતિ, રોજગારનો દ્દષ્ટિકોણ, એકંદર ભાવની સ્થિતિ અને આવક તથા ખર્ચ અંગેના આગામી વર્ષ માટેની અપેક્ષાઓ વિશે પણ પૂછે છે.

**(2) ફુગાવો અપેક્ષા સર્વે (Inflation Expectations Survey)**

- આ સર્વે ફુગાવા અંગે લોકોને જાણ કરે છે.
- વર્તમાન સમયગાળામાં લોકોની ફુગાવા અંગેની ધારણા ઓછી થઈ છે.

**(3) ઓર્ડર બુક્સ, ઈન્વેન્ટરી એન્ડ કેપેસિટી યુટિલાઈઝેશન સર્વે (OBICUS)**

- આ સર્વે જાન્યુઆરી 2022 થી માર્ચ 2022 સુધી ભારતના ઉત્પાદન ક્ષેત્રમાં માંગની સ્થિતિપર માહિતી પ્રદાન કરવાના પ્રયાસ રૂપે 765 ઉત્પાદક કંપનીઓને આવરી લે છે.
- ઉત્પાદક કંપનીઓમાં કાર્યક્ષમતાનો ઉપયોગ (કેપેસિંટી યુટિલાઈઝેશન) પૂર્વ રોગચાળાના સ્તરથી ખૂબ ઉપર છે, જે દર્શાવે છે કે ભારતની એકંદર માંગ (Overall demand) માં સુધારો થઈ રહયો છે.

**(4) ઈન્ડસ્ટ્રીયલ આઉટબુક સર્વે (Industrial Outlook Survey)**

- આ સર્વેક્ષણમાં મહિલા અને પુરુષ ઉદ્યોગપતિઓની અપેક્ષાઓને સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.
- આ સર્વેમાં ભારતીય ઉત્પાદક કંપનીઓ દ્વારા વ્યવસાયિક વાતાવરણનું ગુણાત્મક મૂલ્યાંકનને આવરી લેવામાં આવ્યું છે.

**(5) સેવાઓ અને ઈન્ફ્રાસ્ટ્રકચર આઉટલુક સર્વે (Service & Infrastructure Outlook Survey)**

- આ સર્વેક્ષણમાં સેવાઓ અને ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રની ભારતીય કંપનીઓ વર્તમાન પરિસ્થિતિ અને ભવિષ્યની સંભાવનાઓ કેવી રીતે જુએ છે તેના ગુણાત્મક મૂલ્યાંકનનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- સેવા ક્ષેત્રની કંપનીઓ ઈન્ફ્રાસ્ટ્રચર ક્ષેત્રની કંપનીઓ કરતા ઘણી વધુ આશાવાદી છે.

**(6) બેંક ક્રેડિટ સર્વે (Bank Credit Survey)**

- આ સર્વે આર્થિક ક્ષેત્ર માટે મુખ્ય અનુસૂચિત વાણિજ્યિક બેંકો (Scheduled Commerical banks)ના ધિરાણ માપદંડો (લોનની માંગ અને સેવાની શરતો)ના ગુણાત્મક મૂલ્યાંકન અને જરૂરિયાતોની તપાસ કરે છે.

**(7) પ્રોફેશનલ ફોરકાસ્ટર્સ સર્વેક્ષણ (Survey of Professional Forecasters)**

- આ સર્વેક્ષણ વર્તમાન વર્ષ એ આગામી નાણાકીય વર્ષમાં જીડીપી (GOP) વૃદ્ધિ દર અને ફુગાવાના દર જેવા મુખ્ય મેક્રો ઈકોનોમિક સૂચકઆંકો પર 42 પ્રોફેશનલ ફોરકાસ્ટર્સનું સર્વેક્ષણ છે.

## ✷ કેન્દ્ર સરકાર દ્વારા તુવેર દાળના ભાવ વધારા પર નિયત્રણ લગાવવા માટે Essential Comodities Act - 1955 લાગુ કરવામાં આવ્યો.

- તાજેતરમાં ભારત સરકારના કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય દ્વારા તુવેર દાળના વધતા ભાવને રોકવા માટે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, 1955 લાગુ કરવામાં આવ્યો છે.
- રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સાપ્તાહિક ધોરણે ગ્રાહક બાબતોના વિભાગના મોનિટરિંગ પોટર્લ પર સ્ટોકહોલ્ડર સંસ્થાઓ દ્વારા તેમની પાસે રાખવામાં આવેલા સ્ટોક(Stock) નો ડેટા અપલોડ કરવા માટે નિર્દેશ આપવામાં આવ્યો છે.

**❖ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ 1955 ની આવશ્યકતા શા માટે?**

- મુખ્ય તુવેર ઉત્પાદક રાજયો (કર્ણાટક, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ)ના ભાગોમાં અતિવૃષ્ટિ અને પાણી ભરાઈ જવાની સ્થિતિને કારણે ગયા વર્ષ 2021 ની સરખામણીમાં ખરીફ ફસલની વાવણીમાં ધીમી પ્રગતિના લીધે જુલાઈ 2022 માં તુવેર દાલના ભાવમાં વધારો થયો છે.
- આ અધિનિયમ વેપારીઓ અથવા સંગ્રહખોરોના કેટલાક વર્ગો દ્વારા કૃત્રિમ અછત ઉભી કરીને તુવેરદાળના ભાવમાં વધારો કરવામાં આવે છે તેના ઉપર નિયંત્રણ કરશે.

**Essential Comodities Act - 1955 વિશે....**

→ રચના : વર્ષ 1955
→ હેતુ : ખાદ્ય પદાર્થોની સંગ્રહખોરી અને કાળા બજારને નિયંત્રણ કરવા
→ મંત્રાલય : કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ

## ✷ RBI દ્વારા ડિજિટલ લોન (ધિરાણ)ને નિયંત્રિત કરવા માટે માર્ગદર્શિકા જાહેર.

- તાજેતરમાં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા ડિજિટલ લોનને નિયંત્રિત કરવા માટે માર્ગદર્શિકાનો પ્રથમ સેટ જાહેર કરવામાં આવ્યો છે જેના અનુસંધાને અમુક સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર કાર્યવાહી કરવામાં આવશે.

**❖ માર્ગદર્શિકાઓ**

- આ માર્ગદર્શિકા મુજબ તમામ લોનનું વિતરણ અને પુનઃ ચુકવણી માત્ર લોન લેનારના બેંક ખાતાઓ અને નિયમનકારી સંસ્થાઓ (બેંક અથવા નોન–બેંકિંગ ફાયનાન્સ કંપની) વચ્ચે કોઈ પણ મધ્યસ્થી વગર જ કરવાનું રહેશે.
- આ માર્ગદર્શિકા મુજબ ક્રેડિટ ઓર્બિટ્રેશન (મધ્યસ્થી) પ્રક્રિયામાં ધિરાણ સેવા પ્રદાતાઓ (Lending service providers) ને ચૂકવવા પાત્ર ફી અથવા શુલ્ક સીધા બેંક અથવા નોન–બેન્કિંગ ફાયનાન્સ કંપની (NBFC) દ્વારા ચૂકવવામાં આવશે, કોઈપણ ઉધાર લેનાર વ્યકિત દ્વારા નહી.
- આ માર્ગદર્શિકા અનુસાર ઉધાર લેનાર વ્યકિતની સ્પષ્ટ સંમતિ વિના ક્રેડિટ મર્યાદામાં કોઈપણ સ્વચાલિત વધારાને પ્રતિબધિંત કરે છે અને ધિરાણ લેનાર વ્યકિતઓએ વાર્ષિક ટકાવારી દર તરીકે ડિજિટલ લોનની સમાવેશી કિંમત જાહેર કરવી જરૂરી છે.
- આ માર્ગદર્શિકા મુજબ લોન કરારના ભાગરૂપે લુક–અપ (Look up) પિરિયડ પર પ્રદાન કરે છે જે દરમ્યિાન લોન લેનારા વ્યકિતઓ કોઈપણ દંડ વિના મુદ્દલ અને પ્રમાણસર વાર્ષિક ટકાવારી દર ચૂકવીને ડિજિટલ લોનમાંથી બહાર નીકળી શકે છે.
- આ માર્ગદશિકા મુજબ લોન લેનાર વ્યકિતની ફરિયાદ 30 દિવસની અંદર ઉકેલવામાં આવી ન હોય તો RBIને જાણ કરવામાં આવશે .
- આ માર્ગદર્શિકા મુજબ બેંકોએ સુનિશ્ચિત કરવું જોઈએ કે તેમના દ્વારા નિયુકત લોન સર્વિસ પ્રોવાઈડર (LSP) ની પાસે ફિનટેક અથવા ડિજિટલ લોનની ફરિયાદોને સામનો કરવા માટે યોગ્ય નોડલ ફરિયાદ નિવારણ અધિકારીઓ છે. અને આ અધિકારીઓ દ્વારા ડિજિટલ લેન્ડિંગ એપ્સ (DLAs) ની સંબંધિત ફરિયાદોના પણ નિવારણ અથવા ઉકેલ કરવામાં આવશે.
- આ માર્ગદર્શિકા અનુસાર નિયમનકારી સંસ્થાઓએ DLA દ્વારા કરવામાં આવેલ કોઈપણ લોનની જાણ ક્રેડિટ ઈન્ફોર્મેશન કંપનીઓ (CICS) ને કરવી જોઈએ, અને By now pay later (BNPL) મોડેલ દ્વારા લોનની જાણ CIC ને કરવાની રહેશે.
- આ પ્રકારની ચિંતાઓને દૂર કરવા માટે RBI એ જાન્યુઆરી 2021 માં ઓનલાઈન પ્લેટફોર્મ અને મોબાઈલ એપ દ્વારા ધિરાણ સહિત ડિજિટલ ધિરાણ પર કાર્યકારી (WGDL) ની રચના કરી.

### ❖ ડિજિટલ લોન વિશે...

- ડિજિટલ લોન એ લોન લેનાર વ્યકિતના પ્રમાણીકરણ અને ક્રેડિટ મૂલ્યાંકન માટે ટેકનોલોજીના ઉપયોગ કરીને વેબ પ્લેટફોર્મ અને મોબાઈલ એપસ દ્વારા ધિરાણ આપવામાં આવે છે.
- બેંકોએ પંરપરાગત ધિરાણમાં હાલની ક્ષમતાઓનો ઉપયોગ કરીને ડિજિટલ ધિરાણ બજારમાં પ્રવેશતા માટે પોતાના સ્વતંત્ર ડિજિટલ લોન પ્લેટફોર્મ શરૂ કર્યા છે.

**RBI વિશે....**

| | | |
|---|---|---|
| **સ્થાપના** | : | 1 એપ્રિલ, 1935 (કોલકાતા) |
| **વડુમથક** | : | મુંબઈ |
| **પ્રકાર** | : | દેશની મધ્યસ્થ બેંક |
| **ગવર્નર** | : | શકિતકાંત દાસ (25મા ગવર્નર) – વર્ષ 2018થી |

## યોજના, પોર્ટલ, એપ્લિકેશન

### ✷ કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા સ્માઈલ - 75 પહેલ લોન્ચ કરવામાં આવી.

- તાજેતરમાં ભારત સરકારના કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારીના મંત્રાલય દ્વારા SMILE – 75 પહેલ શરૂ કરવામાં આવી છે.
- ભારત સરકારે નિરાધાર અને ભિખારીઓની સમસ્યાને દૂર કરવા માટે SMILE (Support For Marginalised Individuals for Liverinood and Enterprise) નામની એક વ્યાપક યોજના શરૂ કરી છે.
- સ્માઈલ – 75 પહેલ હેઠળ 75 મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ભીખ માંગનાર લોકોનું વ્યાપક રીતે પુનઃસ્થાપન હાથ ધરવામાં આવશે.




### ❖ ભારતમાં ભિખારીઓની સ્થિતિ


- વર્ષ 2011 ની વસતીગણતરી મુજબ ભારતમાં ભિખારીઓની કુલ સંખ્યા 4, 13, 670 છે, જેમાં 2,21,673 પુરુષો અને 1,91,997 છે અને છેલ્લી વસતીગણતરીમાં ભિખારીઓની સંખ્યામાં વધારો થયો છે.
- વસતી ગણતરી 2011 મુજબ ભારતમાં સૌથી વધુ ભિખારીઓની સંખ્યા પશ્ચિમ બગાળ રાજ્યમાં છે, ત્યારબાદ ઉત્તર પ્રદેશ અને બિહાર અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમે છે.
- વર્ષ 2011 ની વસતી ગણતરી મુજબ લક્ષદીપ ટાપુનાં માત્ર બે જ નિરાધાર લોકો છે.
- વસતી ગણતરી 2011 અનુસાર કેન્દ્રશાસિત પ્રદેશોમાં સૌથી વધુ ભિખારીઓ દિલ્હીમાં 2187 છે ત્યાર બાદ ચંદીગઢ દ્વિતીય ક્રમે છે.
- વસતી ગણતરી 2011 મુજબ પૂર્વોત્તર રાજયોમાં આસામમાં (22116) ભિખારીઓની સંખ્યા સૌથી વધુ છે, જયારે મિઝોરમમાં (53) ભિખારીઓની સંખ્ય સૌથી ઓછી છે.

**વસતી ગણતરી વિશે....**

| | | |
|---|---|---|
| **શરૂઆત** | : | વર્ષ 1881 (W.W.Plowden ભારતના સેન્સસ કમિશનર) |
| **મંત્રાલય** | : | ગૃહમંત્રાલય |

### ✷ નેશનલ ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી અવેરનેસ મિશન (NIPAM) એ 1 મિલિયન વિદ્યાર્થીઓને બૌદ્ધિક સંપદા (IP) અંગે તાલીમ આપવાનું લક્ષ્ય હાસલ કર્યુ.

- તાજેતરમાં કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગ મંત્રાલયના નેશનલ ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી અવેરનેસ મિશન (NIPAM) અંતર્ગત 28 રાજયો અને 7 કેન્દ્રશાસિત પ્રદેશોમાં 10 લાખ ( 1 મિલિયન) વિદ્યાર્થીઓને બૌદ્ધિક સંવદા (Intellectual property) ની જાગૃતિ અંગે 3662 શૈક્ષણિક સંસ્થાઓને તાલીમ આપવાનું લક્ષ્ય હાંસલ થયુ છે.
- આ લક્ષ્યો 15 ઓગસ્ટ 2022 ની સમય મર્યાદા પહેલા હાંસલ કરવામાં આવ્યું છે.



➲ 8 ડિસેમ્બર 2021 થી 31 જુલાઈ 2022 ના સમયગાળા દરમિયાન જે લક્ષ્યો હાસલ થયા છે તે નીચે મુજબ છે.

(i) ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી પર પ્રશિક્ષિત સહભાગીઓ (વિદ્યાર્થીઓ અથવા ફેકલ્ટી) ની સંખ્યા 10,05272

(ii) 3662 શૈક્ષણિક સંસ્થાઓને બૌદ્ધિક સંપદા (IP) વિશે જાગૃતિ તાલીમ

(iii) 28 રાજ્યો અને 7 કેન્દ્રશાસિત પ્રદેશોનો સમાવેશ

❖ **Intellectual Property વિશે :**

- IP એ વ્યક્તિઓને તેમની બૌદ્ધિક રચના પર આપવામાં આવેલા અધિકારો છે જેમાં આવિષ્કારો, સાહિત્યિક અને કલાત્મક કાર્યો અને વાણિજિયક ઉપયોગમાં લેવાતા પ્રતીકો, નામ તથા છબીઓ નો સમાવેશ થાય છે.

**National Intellectual Property Awarness Mission વિશે....**

**શરૂઆત** : 8 ડિસેમ્બર 2021 (આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણીના ભાગરૂપે)

**મંત્રાલય** : કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય

- IPR ના પ્રકારોમાં પેટન્ટ, ટ્રેડમાર્ક, કોપીરાઈટ અને ટ્રેડ સીક્રેટનો સમાવેશ થાય છે.



## પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી

### ✸ હિમાચલ પ્રદેશમાં ભારત–અમેરિકા સંયુક્ત કવાયત 'વજ્ર પ્રહાર–2022' યોજાઈ.




- ભારત અને અમેરિકાની થલ સેના (Army) વચ્ચે સંયુક્ત વિશેષ દળોની કવાયત વજ્ર પ્રહાર–2022 હિમાચલ પ્રદેશના બાકલોહમાં સ્પેશિયલ ફોર્સીસ ટ્રેનિંગ સ્કૂલ ખાતે યોજાઈ હતી.
- આ સંયુક્ત કવાયતનો મુખ્ય ઉદ્દેશ સંયુક્ત મિશનનું આયોજન અને ઓપરેશનલ રણનીતિ જેવા ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રદર્શન માટેનો છે.
- આ કવાયતમાં 21 દિવસ દરમિયાન બંને સૈન્યની ટીમો પર્વતીય પ્રદેશોમાં સિમ્યુલેટેડ પરંપરાગત અને બિનપરંપરાગત પરિસ્થિતિઓમાં શ્રેણીબદ્ધ સ્પેશિયલ ઓપરેશન્સ, કાઉન્ટર ટેરરિસ્ટ ઓપરેશન્સ અને એરબોર્ન ઓપરેશન્સની સંયુક્ત રીતે તાલીમ, યોજના અને અમલીકરણ કરશે.

❖ **ભારત અને અમેરિકા વચ્ચે યોજાતી કવાયતો :**

| ક્રમ | કવાયત | સેના |
|---|---|---|
| 1 | યુદ્ધ અભ્યાસ (Yudh Abhyas) | થલ સેના |
| 2 | માલાબાર (MALABAR)<br>ભારત, અમેરિકા અને જાપાન દેશો વચ્ચેની કવાયત | દરિયાઈ સેના (નેવી) |

### ✸ ISRO દ્વારા "AzaadiSAT" અને "EOS-02" ઉપગ્રહો લોન્ચ કરવામાં આવ્યા.




- તાજેતરમાં ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) એ આંધ્રપ્રદેશના શ્રીહરિકોટામાં સ્થિત સતીશ ધવન સ્પેસ સેન્ટરથી સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (SSLV)ની મદદથી "અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ–2" (EOS-2) અને AzaadiSAT ઉપગ્રહોને લોન્ચ કર્યા છે.
- સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (SSLV) દ્વારા લોન્ચ કરાયેલા બન્ને ઉપગ્રહો ટર્મિનલ તબક્કામાં ભૂલને કારણે ઈચ્છિત ભ્રમણકક્ષા સુધી પહોંચવામાં નિષ્ફળ રહ્યા હતા.
- આ મિશનનો હેતુ બન્ને ઉપગ્રહોને વિષુવવૃત્તથી 350 કિમીની ઊંચાઈએ લો–અર્થ ભ્રમણકક્ષામાં મૂકવાનો હતો.

❖ **Small Satelite Launch Vehical – D1 (SSLV-D1) :**

- આ લોન્ચ વેહિકલ ISRO નું નવું લૉન્ચ વેહિકલ છે જે 10 થી 500 કિગ્રા વજન સુધીના મીની, માઈક્રો અને નેનો સેટેલાઈટને 500 કિમી સુધીની ભ્રમણકક્ષામાં મૂકવા માટે વિકસાવવામાં આવ્યું છે. આ વેહિકલ ચાર તબક્કામાં કામ કરે છે. જેમાં પ્રથમ ત્રણ તબક્કામાં ઘન બળતણનો ઉપયોગ કરવામાં આવે છે જ્યારે ચોથા તબક્કામાં પ્રવાહી બળતણનો ઉપયોગ કરવામાં આવે છે.

❖ **અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ–2 (EOS-2) વિશે :**

- EOS-2 એક ઓપ્ટિકલ રિમોટ સેન્સિંગ ઉપગ્રહ છે જેને ISRO દ્વારા ડિઝાઈન અને વિકસિત કરવામાં આવ્યો છે.
- આ સેટેલાઈટનો ઉપયોગ વનીકરણ, કૃષિ, જમીન અને સમુદ્રકિનારાના પ્રદેશોના અભ્યાસ માટે કરવામાં આવશે.

❖ **AzaadiSAT વિશે :**

- આ ઉપગ્રહ આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ISRO એક વિશેષ ઉપગ્રહ લોન્ચ કર્યો છે, જે સમગ્ર ભારતમાંથી 750 થી વધુ વિદ્યાર્થિનીઓ દ્વારા ડિઝાઈન કરી બનાવવામાં આવ્યો છે.
- AzaadiSAT એ 8U Cubesat વર્ગનો ઉપગ્રહ છે જેનું વજન 8 કિલોગ્રામ છે અને તે સેલ્ફી કેમેરા અને સોલાર પેનલથી સજ્જ છે.
- આ ઉપગ્રહનો ઉપયોગ અવકાશમાં તાપમાન અને હવાના દબાણ માપવા માટે કરવામાં આવશે.


**Indian Space Research Organization (ISRO) વિશે....**

**શરૂઆત** : 15 ઓગસ્ટ, 1969
**વડુમથક** : બેંગ્લુરુ
**અધ્યક્ષ** : એસ. સોમાનાથ

## ✸ કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહે ભારતીય સેના માટે 'NIPUN' અને F-INSAS નામના હથિયારો લોન્ચ કર્યા.

- તાજેતરમાં કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે "આઝાદી કા અમૃત મહોત્સવ"ના ભાગરૂપે ભારતીય સેના માટે 'NIPUN' અને 'F-INSAS' હથિયારો લોન્ચ કર્યા, આ હથિયારો ભારતીય સેનાના આધુનિકીકરણ યોજના હેઠળ લોન્ચ કરવામાં આવ્યા છે.

**❖ NIPUN વિશે :**




- NIPUN એ એક એન્ટી પર્સનલ માઈન્સ છે. જે ભારતીય સીમા પર ઊભા રહેલા સૈનિકોને સુરક્ષા પુરી પાડશે.
- NIPUN એન્ટી પર્સનલ માઈન્સ દ્વારા સીમા ઉલ્લંઘન કરનાર ઘૂસણખોરીઓ અને આતંકવાદીઓને અટકાવવામાં આવશે.
- આ માઈન્સ આર્મમેન્ટ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ (Armment Research and Development Establishment)ના સહયોગથી વિકસાવવામાં આવી છે.
- ભારતીય સેના લગભગ 7 લાખ NIPUN માઈન્સને સેવામાં સામેલ કરશે.

**❖ F-INSAS વિશે :**

- F-INSAS નું પૂરું નામ – "Future – Infantry Soldier as A System" છે.
- F-INSAS એ ત્રણ પ્રાયમરી–સબ–સિસ્ટમ ધરાવતી એસોલ્ટ રાઈફલ્સ છે, અને આ સિસ્ટમ સ્વદેશી રીતે વિકસાવવામાં આવી છે.
- આ ત્રણ પ્રાયમરી સબ–સિસ્ટમમાં (1) બેલેસ્ટિક હેલ્મેટ, (2) ગોગલ્સ અને (3) બુલેટ પ્રુફ જેકેટ્સનો સમાવેશ થાય છે.

## ✸ ભારત સરકાર દ્વારા 'મંથન પ્લેટફોર્મ' (Manthan Platform) લોન્ચ કરવામાં આવ્યું.




- ભારત સરકારના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકારના કાર્યાલયે, મંથન પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવ્યું છે. જેનો ઉદ્દેશ્ય ઉદ્યોગ અને વૈજ્ઞાનિક સંશોધન અને વિકાસ (R & D) ઈકોસિસ્ટમ વચ્ચેના સ્તરે સહયોગને પ્રોત્સાહન આપવાનો છે.
- મંથન પ્લેટફોર્મ, ભારતના ટકાઉપણુ લક્ષ્યોને (SDGs) હાંસલ કરવામાં મદદ કરશે.
- મંથન પ્લેટફોર્મનું લોન્ચિંગ ભારતની આઝાદીના 75 વર્ષની ઉજવણીના ભાગ સ્વરૂપે લોન્ચ કરવામાં આવ્યું છે. આ પ્લેટફોર્મ વિશ્વને ભારતીય ટેકનોલોજીથી પરિચિત કરશે.
- આ પ્લેટફોર્મ ભવિષ્યના વિજ્ઞાન, નવીનતા અને ટેકનોલોજીની આગેવાની હેઠળના વિકાસ માટે એક માળખું વિકસાવવા માટે માહિતી વિનિમય સત્રો, પ્રદર્શનો અને ઈવેન્ટ્સ દ્વારા જ્ઞાનના પરિવહન અને ક્રિયા પ્રતિક્રિયાઓને સરળ બનાવશે.

**Sustainable Development Goals (SDGs) વિશે....**

→ સંયુક્ત રાષ્ટ્ર (UN) દ્વારા વર્ષ 2015માં ગરીબીનો અંત લાવવા, પર્યાવરણ બચાવવા અને અંતરીક્ષ સુરક્ષા માટે 17 SDGs ગોલ્સ નક્કી કર્યા છે. જેમાંથી અમુક SDG ગોલ્સ વર્ષ 2030 સુધીમાં પૂરા કરવાના લક્ષ્ય રાખવામાં આવ્યા છે.
→ ભારત પણ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ પૂરા કરવા માટે પ્રતિબદ્ધ છે.

## ✸ ભારત સરકાર દ્વારા વધુ 11 રામસર સાઈટ્સ ઉમેરવામાં આવ્યા.




- તાજેતરમાં ભારત સરકારે રામસર સંમેલન હેઠળ 11 વધુ વેટલેન્ડ્સ નિયુક્ત કર્યા છે, જેમાં 13,26,677 હેક્ટરના વિસ્તાર સાથે ભારતમાં રામસર સાઈટ્સની કુલ સંખ્યા 64 થી વધીને 75 થઈ ગઈ છે.
- 11 નવી સાઈટ્સમાં તમિલનાડુમાં 4, ઓડિશામાં 3, જમ્મુ અને કાશ્મીરમાં 2 અને મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં 1 – 1 સાઈટનો સમાવેશ થાય છે.

| ક્રમ | આદ્રભૂમિનું નામ | ક્ષેત્રફળ (હેકટરમાં) | રાજ્ય |
|---|---|---|---|
| 1 | તમપરા તળાવ | 300 | ઓડિશા |
| 2 | હીરાકુડ જળાશય | 65400 | |
| 3 | અનસુપા તળાવ | 231 | |
| 4 | યશવંત સાગર | 822.90 | મધ્યપ્રદેશ |
| 5 | ચિત્રાંગુડી પક્ષી અભયારણ્ય | 260.47 | તમિલનાડુ |
| 6 | સુચિન્દ્રમ થરૂર વેટલેન્ડ કોમ્પ્લેકસ | 94.23 | |
| 7 | વડુવુર પક્ષી અભયારણ્ય | 112.64 | |
| 8 | કાંજીરનકુલમ પક્ષી અભયારણ્ય | 96.89 | |
| 9 | થાણે ક્રીક | 6521.08 | મહારાષ્ટ્ર |
| 10 | હાયગામ વેટલેન્ડ કન્ઝર્વેશન રિઝર્વ | 801.82 | જમ્મુ અને કાશ્મીર |
| 11 | શાલબાગ વેટલેન્ડ કન્ઝર્વેશન | 1675 | |
| કુલ | કુલ વિસ્તાર | 76316 | |

❖ **ગુજરાત રાજ્યની રામસર સાઈટ્સ :**

| ક્રમ | રામસર સાઈટ્સ | શહેર |
|---|---|---|
| 1 | ખીજડિયા વન્યજીવ અભયારણ્ય | જામનગર |
| 2 | નળ સરોવર પક્ષી અભયારણ્ય | અમદાવાદ – સુરેન્દ્રનગર |
| 3 | થોળ તળાવ વન્યજીવ અભયારણ્ય | અમદાવાદ |
| 4 | વઢવાણા વેટલેન્ડ | વડોદરા |

❖ **વિશેષ માહિતી :**

- ઉત્તરપ્રદેશ અને ગુજરાતમાં આવેલી આદ્રભૂમી સ્થાળાંતરિત પક્ષીઓ (migratory Birds) માટે મહત્વપૂર્ણ જગ્યાઓ તરીકે સેવા આપે છે.
- પશ્ચિમ બંગાળમાં આવેલ સુંદરવન ભારતનું સૌથી મોટું રામસર સ્થળ છે.
- ચિલિકા સરોવર એશિયાનું સૌથી મોટું ખારા પાણીનું લગૂન છે અને રામસર સંમેલન હેઠળ આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતું પ્રથમ ભારતીય આદ્રભૂમી છે.
- યુનાઈટેડ કિંગડમ (176) અને મેકિસકો (142) દેશ પાસે મહત્તમ રામસર સાઈટ્સ છે જ્યારે બોલિવિયા દેશ રામસર સંમેલન સંરક્ષણ હેઠળ 14,842,405 હેકટર સાથે સૌથી વધુ વિસ્તાર ધરાવે છે.

**રામસર સંમેલન (RAMSAR Convention) વિશે...**

→ આદ્રભૂમિ પરનું રામસર સંમેલન એક આંતર સરકારી સંધિ છે, જે આદ્રભૂમિના સંસાધનોના સંવર્ધન અને સમાવેશી ઉપયોગ માટે રાષ્ટ્રીય પ્રતિક્રિયા અને આંતરરાષ્ટ્રીય સહકાર માટેનું માળખું/ફ્રેમવર્ક પૂરું પાડે છે.
→ તે ઈરાની શહેર ‘રામસર’ ખાતે 2 ફેબ્રુઆરી, 1971 ના રોજ અપનાવવામાં આવ્યું હતું અને 23 ડિસેમ્બર, 1975માં અમલમાં આવ્યું હતું, અને તે એકમાત્ર વૈશ્વિક પર્યાવરણીય સંધિ છે જે કોઈ ચોક્કસ પરિસરતંત્ર સાથે સંબંધિત છે.
→ ભારતે આ સંમેલન/સંધિને 1 ફેબ્રુઆરી 1982 થી લાગુ કરેલ છે.
→ આ સંમેલન અંતર્ગત સમુદ્રી અને તાજા પાણી એમ બન્ને પરિસરતંત્રના સંરક્ષણ હેતુ કાર્ય કરવામાં આવે છે.
→ રામસર સંમેલન સંયુકત રાષ્ટ્ર પ્રણાલીના બહુપક્ષીય પર્યાવરણીય કરારનો હિસ્સો નથી, પરંતુ તે બહુપક્ષીય પર્યાવરણીય કરાર સાથે ખૂબ નજીકના સહયોગથી કાર્ય કરે છે અને સંધિઓ અને કરારોના “જૈવવિવિધતા સંબંધિત સમૂહો” વચ્ચે સંપૂર્ણ ભાગીદાર છે.
→ દર વર્ષે 2 ફેબ્રુઆરીના રોજ ‘વિશ્વ આદ્રભૂમિ દિવસ’ ઉજવવામાં આવે છે.
→ ભારતમાં સૌથી વધુ રામસર સાઈટ્સ તમિલનાડુમાં (14) છે.

**આદ્રભૂમિ (Wetland) વિશે...**

→ આદ્રભૂમિએ ઊંડા પાણી અને સ્થળીય વસવાટ વચ્ચેના ગુણધર્મો ધરાવતો મધ્યવર્તી વિસ્તાર છે, જે પ્રકૃતિમાં પણ પરિવર્તનશીલ હોય છે અને ઘણી વખત તેમની વચ્ચે સ્થિત હોય છે. આ નિવાસસ્થાનોને / આવાસને અડીને આવેલા ઊંડા પાણીના આવાસોમાંથી સમયાંતરે પૂરનો અનુભવ થાય છે અને તેથી તે વિસ્તારમાં રહેલા છોડ અને પ્રાણીઓ ખાસ કરીને આવા છીછરા પૂર અથવા અધઃસ્તરના જળસંચયને અનુકૂળ બને છે, જેને આદ્રભૂમિ તરીકે ઓળખવામાં આવે છે.
→ આદ્રભૂમિ સામાન્ય રીતે પોષકતત્વોથી ભરપૂર હોય છે અને તેના પરિણામે જળચર વનસ્પતિની વિપુલ પ્રમાણમાં વૃદ્ધિ થાય છે.

## ✸ ભારતની પ્રથમ ઈલેક્ટ્રિક ડબલ–ડેકર બસ 'Switch EiV 22' શરૂ કરવામાં આવી.




➲ તાજેતરમાં કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ મુંબઈમાં અશોક લેલેન્ડ કંપની દ્વારા વિકસાવવામાં આવેલી 'Switch EiV 22' નામની ભારતની પ્રથમ એસી ડબલ–ડેકર ઈલેક્ટ્રિક બસ લોન્ચ કરી છે.


❖ **'Switch EiV 22' વિશે...**

- આ બસ માત્ર 45 મિનિટના ચાર્જ સાથે 100 કિમી સુધીની રેન્જ મેળવી શકે છે અને સંપૂર્ણ ચાર્જ કરવામાં 80 મિનિટનો સમય લાગે છે તેમજ તેમાં નિકલ, મેંગેનીઝ અને કોબાલ્ટ (NMC) બેટરીનો ઉપયોગ થાય છે.
- 'Swithc EiV 22' બસમાં સિંગલ–ડેકર બસની સરખામણીમાં કર્બ વેઈટમાં માત્ર 18% નો વધારો થયો છે. (કર્બ વેઈટ એટલે મુસાફર વગર ચાલતી બસનું વજન)
- અશોક લેલન્ડ કંપની દ્વારા BEST – Brihanmumbai Electric Supply & Transport ને આવી 200 બસ ડિસેમ્બર–2022 સુધીમાં સપ્લાય કરવામાં આવશે.

**ભારતમાં ઈલેક્ટ્રિક બસનું મહત્વ...**

→ ભારતમાં, ભવિષ્યમાં ઈલેક્ટ્રિક બસો સામૂહિક જાહેર પરિવહનમાં મોટી છલાંગ લગાવશે. તે ઈંધણ આયાત ખર્ચ ઘટાડવાની સરકારની પહેલને ટેકો આપશે. આ ઉપરાંત, તે હવાના પ્રદૂષણને કાબૂમાં રાખવામાં મદદ કરશે કારણ કે આ બસોમાં શૂન્ય કાર્બન ઉત્સર્જન અને ઓછું ધ્વનિ પ્રદૂષણ છે.

→ દેશમાં 35% પ્રદૂષણ ડિઝલ અને પેટ્રોલને કારણે છે. તેથી ભારત માટે ઓટોમોબાઈલ ક્ષેત્ર માટે વીજળી, ઈથેનોલ, મિથેનોલ, બાયો–ડિઝલ, બાયો–સીએનજી, બાયો–એલએનજી અને ગ્રીન હાઈડ્રોજન જેવા વૈકલ્પિક ઈંધણનો ઉપયોગ શરૂ કરવાનો સમય આવી ગયો છે.



## રમત-જગત, નિમણૂંક વ્યક્તિ, પુસ્તક, નિધન

## ✸ કોમનવેલ્થ ગેમ્સ – 2022 (Commonwealth Games – 2022)






➲ તાજેતરમાં ઈંગ્લેન્ડના બર્મિંગહામ ખાતે 28 જુલાઈથી 8 ઓગસ્ટ દરમિયાન કોમનવેલ્થ ગેમ્સ–2022નું આયોજન થયું હતું. આ ગેમ્સનું ઉદ્‌ઘાટન સમારોહ (Opening Ceremony) અને સમાપન સમારોહ (Closing Ceremony) બન્ને બર્મિંગહામના એલેકઝેન્ડર સ્ટેડિયમ ખાતે થયો હતો.

- સૂત્ર (Motto) : 'Games for Everyone'
- માસ્કોટ (Mascot) : 'Perry'

➲ કોમનવેલ્થ ગેમ્સ–2022 એ પ્રથમ કાર્બન તટસ્થ ગેમ્સ હતી જેમા આયોજકોએ સેવરન ટ્રેન્ટ કંપની સાથે ભાગીદારી કરી હતી. આ સેવરન ટ્રેન્ટ કંપની કોમનવેલ્થ ગેમ્સ દ્વારા પેદા થતા કાર્બનને સરભર કરવામાં મદદ કરી હતી.



➲ કોમનવેલ્થ ગેમ્સ–2022નું ઉદ્‌ઘાટન "ચાર્લ્સ પ્રિન્સ ઓફ વેલ્સ" દ્વારા કરવામાં આવ્યું હતું.

➲ કોમનવેલ્થ ગેમ્સ–2022 ઉદ્‌ઘાટન સમારોહમાં ભારત તરફથી રાષ્ટ્રધ્વજ વાહક, ભારતીય પુરુષ હોકી ટીમના કેપ્ટન મનપ્રીત સિંહ અને બેડમિન્ટન ખેલાડી પી.વી.સિંધુ હતા જ્યારે સમાપન સમારોહમાં ભારતીય રાષ્ટ્રધ્વજ વાહક બોક્સિંગ ચેમ્પિયન નીખત ઝરીન અને ટેનિસ સ્ટાર ખેલાડી શરથ કમલ હતા.

❖ **કોમનવેલ્થ ગેમ્સ–2022માં ભાગ લેનારા દેશો અને ખેલાડીઓ :**

- આ કોમનવેલ્થમાં 72 દેશોના 5000 થી વધુ ખેલાડીઓએ 20 વિવિધ રમતોમાં 280 ઈવેન્ટ્સમાં ભાગ લીધો હતો.
- આ કોમનવેલ્થમાં ભારતનું પ્રતિનિધિત્વ 215 ખેલાડીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમા રમતવીરોએ 16 રમતોમાં ભાગ લીધો હતો.
- આ 215 ખેલાડીઓમાંથી 108 પુરુષો જ્યારે 107 મહિલા ખેલાડી હતા.

- જોકે ભારતીય ટુકડીની કુલ સભ્ય સંખ્યા 322 હતી, જેમાં ખેલાડીઓ, મેડિકલ સ્ટાફ, અધિકારી અને કોચનો સમાવેશ થાય છે.




❖ **કોમનવેલ્થ ગેમ્સ–2022 મેડલ ટેબલ :**

| ક્રમાંક | દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| 1 | ઓસ્ટ્રેલિયા | 67 | 57 | 54 | 178 |
| 2 | ઈંગ્લેન્ડ | 57 | 66 | 53 | 176 |
| 3 | કેનેડા | 26 | 32 | 34 | 92 |
| 4 | ભારત | 22 | 16 | 23 | 61 |

➲ કોમનવેલ્થ ગેમ્સના ઈતિહાસમાં પ્રથમ વખત મહિલા ક્રિકેટ (T-20) ને રમત તરીકે ઉમેરવામાં આવી હતી. જેમાં કુલ 8 દેશની મહિલા ક્રિકેટ ટીમો (ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝિલેન્ડ, ભારત, સાઉથ આફ્રિકા, પાકિસ્તાન, શ્રીલંકા અને બાર્બાડોઝ) દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. આ ટી–20 ઈવેન્ટમાં ઓસ્ટ્રેલિયા મહિલા ટીમે ગોલ્ડ મેડલ અને ભારતીય મહિલા ટીમે સિલ્વર મેડલ જીત્યો હતા.




❖ **કોમનવેલ્થ ગેમ્સ–2022માં ભારતનું પ્રદર્શન :**

- મેડલ ટેબલમાં ભારત ચોથા સ્થાને છે જેમાં 22 ગોલ્ડ, 16 સિલ્વર અને 23 બ્રોન્ઝ સહિત કુલ 61 મેડલ મેળવ્યા છે.
- વેઈટલિફ્ટર સંકેત સરગર વિશે :
  - સંકેત સરગર CWG-2022 બર્મિંગહામમાં મેડલ જીતનાર પ્રથમ ભારતીય બન્યો હતો અને તેમને પુરુષોની 55 કિગ્રા વેઈટ લિફ્ટિંગ ઈવેન્ટમાં સિલ્વર જીત્યો હતો.




- તેમણે સંયુક્ત રીતે 248 કિગ્રા (સ્નેચમાં 113 કિગ્રા, કલીન એન્ડ જર્કમાં 135 કિગ્રા) વજન ઊંચકીને સિલ્વર મેડલ મેળવ્યો હતો.
- વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનુ વિશે :
  - મીરાબાઈ ચાનુ CWG-2022 બર્મિંગહામમાં ભારત માટે પ્રથમ ગોલ્ડ મેડલ જીત્યા અને તેણીએ મહિલાઓની 49 કિગ્રા વેઈટ લિફ્ટીંગ ઈવેન્ટમાં કુલ 201 કિગ્રા વજન ઉપાડયું. કોમનવેલ્થ ગેમ્સ–2018ના મેડલ સાથે તેમનો આ બીજો ગોલ્ડ મેડલ છે.
  - મીરાબાઈ ચાનુનો જન્મ 8 ઓગસ્ટ, 1994ના રોજ મણિપુરના ઈમ્ફાલના નોંગપોક કાકચિંગ ગામમાં થયો હતો.
  - મીરાબાઈ વર્લ્ડ વેઈટ લિફ્ટીંગ ચેમ્પિયનશિપ, 2017માં 49 કિગ્રા કેટેગરીમાં મેડલ જીતનારી પહેલી ભારતીય વેઈટ લિફ્ટર છે.



- પેરાપાવર લિફ્ટર સુધીર વિશે :
  - સુધીરે અત્યાર સુધીમાં કોમનવેલ્થ ગેમ્સના ઈતિહાસમાં પેરાસ્પોર્ટ્સમા ભારત માટે પ્રથમ મેડલ જીત્યો તેમણે પુરુષોની હેવીવેઈટ પેરા પાવરલિફ્ટિંગ ચેમ્પિયનશીપ જીતી ગોલ્ડ મેડલ મેળવ્યું હતું.
  - સુધીરે 212 કિગ્રાની લિફ્ટીંગ સાથે નવો ગેમ્સ રેકોર્ડ બનાવ્યો હતો.
  - તેઓ હરિયાણાના સોનીપત જિલ્લાના વતની છે. હાલમાં તેઓ હરિયાણા સરકારમાં એક સિનિયર કોચ તરીકે સેવા આપી રહ્યા છે.




Banking Academy

- **પેડલર શરથ કમલ વિશે :**
  - પેડલર શરથ કમલે પુરુષોની સિંગલ્સ ટેબલ ટેનિસ કેટેગરીમાં ભારતનો અંતિમ ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. તેણે ફાઈનલમાં ઈંગ્લેન્ડના લીયમ પીચ ફોર્ડને હરાવીને ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.
  - તેઓ તમિલનાડુના ચેન્નાઈના વતની છે.
  - શરથ કમલે તેમની કારકિર્દી દરમિયાન અત્યાર સુધીમાં આયોજિત કોમનવેલ્થ ગેમ્સમાં 7 ગોલ્ડ, 3 સિલ્વર અને 3 બ્રોન્ઝ સહિત કુલ 13 મેડલ મેળવ્યા છે.




- **સ્કવોશ ખેલાડી સૌરવ ઘોસાલ :**
  - સ્કવોશ ખેલાડી સૌરવ ઘોસાલે ઈંગ્લેન્ડના જેમ્સ વિલસ્ટ્રોપને હરાવીને સ્કવોશની રમતમાં વ્યકિતગત મેડલ મેળવનાર પ્રથમ ભારતીય એથ્લેટ બન્યો હતો.
  - સૌરવ ઘોસાલ પશ્ચિમ બંગાળના કોલકત્તાના વતની છે.




- **લોન બોલ્સમાં ભારતનો ઐતિહાસિક ગોલ્ડ :**
  - ભારતની મહિલા ફોર્સ ટીમે કોમનવેલ્થ ગેમ્સની લોન બોલ્સ ઈવેન્ટમાં દેશને પ્રથમ ઐતિહાસિક ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. ભારતની મહિલા ફોર્સ ટીમમાં રૂપારાની તિર્કી (સુકાની), પિંકી, લવલી ચૌબે અને નયનમોની સૈકિયાનો સમાવેશ થાય છે.
  - ભારતીય ટીમે ફાઈનલમાં સાઉથ આફ્રિકાને 17 – 10 ના સ્કોરથી પરાજય આપ્યો હતો.
  - લોન બોલ્સ ઈવેન્ટને 1930ની કોમનવેલ્થ ગેમ્સમાં સામેલ કરવામાં આવ્યું હતું, 92 વર્ષ જૂની આ રમતમાં ભારતે પ્રથમ વખત 2010માં ઘર આંગણે રમાયેલી દિલ્હી કોમનવેલ્થમાં ભાગ લીધો હતો.

## ❖ કોમનવેલ્થ ગેમ્સ 2022માં રમત મુજબના ભારતીય મેડલ વિજેતાઓ :

**(1) એથલેટિક્સ**

| ક્રમ | એથલેટ | મેડલ | કેટેગરી |
|---|---|---|---|
| (1) | એલડોઝ પોલ | ગોલ્ડ | મેન્સ ત્રીપલ જમ્પ |
| (2) | મુરલી શ્રેયશંકર | સિલ્વર | મેન્સ લોંગ જમ્પ |
| (3) | પ્રિયંકા ગોસ્વામી | સિલ્વર | વુમન્સ 1000મી રેસ વોક |
| (4) | અવિનાશ સાબલે | સિલ્વર | મેન્સ 3000 મી સ્ટીપલ ચેઝ |
| (5) | અબ્દુલા અબુબકર | સિલ્વર | મેન્સ ત્રીપલ જમ્પ |
| (6) | તેજસ્વીન શંકર | બ્રોન્ઝ | મેન્સ હાઈ જમ્પ |
| (7) | સંદિપ કુમાર | બ્રોન્ઝ | મેન્સ 10000મી રેસ વોક |
| (8) | અનુ રાની | બ્રોન્ઝ | વુમન્સ જવેલીન થ્રો |

**(2) બેડમિન્ટન**

| ક્રમ | એથલેટ | મેડલ | કેટેગરી |
|---|---|---|---|
| (9) | પી.વી. સિંધુ | ગોલ્ડ | વુમન્સ સિંગલ્સ |
| (10) | લક્ષ્ય સેન | ગોલ્ડ | મેન્સ સિંગલ્સ |
| (11) | સત્વીકસાઈરાજ રેન્કીરેડી / ચિરાગ શેટ્ટી | ગોલ્ડ | મેન્સ ડબલ્સ |
| (12) | ઈન્ડિયા મિક્સ ટીમ | સિલ્વર | મિક્સ ટીમ |
| (13) | કિદામ્બી શ્રીકાંત | બ્રોન્ઝ | મેન્સ સિંગલ્સ |
| (14) | ટ્રીસા જોલી / ગાયત્રી ગોપીચંદ | બ્રોન્ઝ | વુમન્સ ડબલ્સ |

| (3) બોક્સીંગ | | | |
|---|---|---|---|
| ક્રમ | એથલેટ | મેડલ | કેટેગરી |
| (15) | નીતુ ગંગશ | ગોલ્ડ | વુમન્સ 48kg મિનિમમ વેઈટ |
| (16) | અમિત પંઘાલ | ગોલ્ડ | મેન્સ 51kg ફ્લાઈવેઈટ |
| (17) | નિખત ઝરીન | ગોલ્ડ | વુમન્સ 50kg લાઈટ ફ્લાઈવેઈટ |
| (18) | સાગર અહલાવટ | સિલ્વર | મેન્સ 92+ kg સુપર હેવીવેઈટ |
| (19) | જાસમીન લંબોરીયા | બ્રોન્ઝ | વુમન્સ 60kg લાઈટવેઈટ |
| (20) | મોહમ્દ હુસમુદ્દીન | બ્રોન્ઝ | મેન્સ 57kg ફેથરવેઈટ |
| (21) | રોહિત ટોકસ | બ્રોન્ઝ | મેન્સ 67kg વેલ્થરવેઈટ |
| (4) ક્રિકેટ | | | |
| ક્રમ | એથલેટ | મેડલ | કેટેગરી |
| (22) | વુમન્સ ક્રિકેટ ટીમ (હરમનપ્રીત કૌર) | સિલ્વર | વુમન્સ ટી–20 |

| (5) હોકી | | | |
|---|---|---|---|
| ક્રમ | ટીમ | મેડલ | કેટેગરી |
| (23) | મેન્સ હોકી ટીમ (મનપ્રીત સિંહ) | સિલ્વર | મેન્સ હોકી |
| (24) | વુમન્સ હોકી ટીમ (સવિતા પુનિયા) | બ્રોન્ઝ | વુમન્સ હોકી |
| (6) જુડો | | | |
| ક્રમ | એથલેટ | મેડલ | કેટેગરી |
| (25) | શુશિલા દેવી લિકમાબામ | સિલ્વર | વુમન્સ 48kg |
| (26) | તુલિકા માન | સિલ્વર | વુમન્સ +78kg |
| (27) | વિજયકુમાર યાદવ | બ્રોન્ઝ | મેન્સ 60kg |
| (7) લૉન બાઉલ્સ | | | |
| ક્રમ | એથલેટ | મેડલ | કેટેગરી |
| (28) | ઈન્ડિયન વુમન્સ ટીમ | ગોલ્ડ | વુમન્સ ફોરસ |
| (29) | ઈન્ડિયન મેન્સ ટીમ | સિલ્વર | મેન્સ ફોરસ |
| (8) પેરા પાવરલિફ્ટીંગ | | | |
| ક્રમ | એથલેટ | મેડલ | કેટેગરી |
| (30) | સુધિર | ગોલ્ડ | મેન્સ હેવીવેઈટ |
| (9) પેરા ટેબલ ટેનિસ | | | |
| ક્રમ | એથલેટ | મેડલ | કેટેગરી |
| (31) | ભાવિના પટેલ | ગોલ્ડ | વુમન્સ સિંગલ કલાસિસ 3 – 5 |
| (32) | સોનલબેન પટેલ | બ્રોન્ઝ | વુમન્સ સિંગલ કલાસિસ 3 – 5 |

| (10) સ્કવોશ | | | |
|---|---|---|---|
| ક્રમ | એથલેટ | મેડલ | કેટેગરી |
| (33) | સૌરવ ગૌસાલ | બ્રોન્ઝ | મેન્સ સિંગલસ |
| (34) | દિપીકા પલ્લઈકલ / સૌરવ ગૌસાલ | બ્રોન્ઝ | મિકસડ ડબલ્સ |
| (11) રેસલિંગ | | | |
| ક્રમ | એથલેટ | મેડલ | કેટેગરી |
| (35) | બંજરગ પુનિયા | ગોલ્ડ | મેન્સ 65kg ફીસ્ટાઈલ |
| (36) | સાક્ષી મલિક | ગોલ્ડ | વુમન્સ 62kg ફીસ્ટાઈલ |
| (37) | દિપક પુનિયા | ગોલ્ડ | મેન્સ 86kg ફીસ્ટાઈલ |
| (38) | રવિ કુમાર દહિયા | ગોલ્ડ | મેન્સ 57kg ફીસ્ટાઈલ |
| (39) | વિનેશ ફોગટ | ગોલ્ડ | વુમન્સ 53kg ફીસ્ટાઈલ |
| (40) | નવિન | ગોલ્ડ | મેન્સ 74kg ફીસ્ટાઈલ |
| (41) | અંશુ મલિક | સિલ્વર | વુમન્સ 57kg ફીસ્ટાઈલ |
| (42) | મોહિત ગ્રેવાલ | બ્રોન્ઝ | મેન્સ 125kg ફીસ્ટાઈલ |
| (43) | પુજા ગેહલોત | બ્રોન્ઝ | વુમન્સ 50kg ફીસ્ટાઈલ |
| (44) | દિવ્યા કાકરણ | બ્રોન્ઝ | વુમન્સ 68kg ફીસ્ટાઈલ |
| (45) | પુજા સિહાગ | બ્રોન્ઝ | વુમન્સ 76kg ફીસ્ટાઈલ |
| (46) | દિપક નેહરા | બ્રોન્ઝ | મેન્સ 97kg ફીસ્ટાઈલ |
| (12) ટેબલ ટેનિસ | | | |
| ક્રમ | એથલેટ | મેડલ | કેટેગરી |
| (47) | ઈન્ડિયન મેન્સ ટીમ | ગોલ્ડ | મેન્સ ટીમ |
| (48) | શરત કમલ / શ્રીજા અકુલા | ગોલ્ડ | મિકસડ ડબલ્સ |
| (49) | શરત કમલ | ગોલ્ડ | મેન્સ સિંગલસ |
| (50) | શરત કમલ / સાથીયાન ગ્નાનાસેકરણ | સિલ્વર | મેન્સ ડબલ્સ |
| (51) | સાથીયાન ગ્નાનાસેકરણ | બ્રોન્ઝ | મેન્સ સિંગલસ |
| (13) વેઈટ લિફટીંગ | | | |
| ક્રમ | એથલેટ | મેડલ | કેટેગરી |
| (52) | મીરાબાઈ ચાનુ | ગોલ્ડ | વુમન્સ 49kg |
| (53) | જેરેમી લાલરીનુન્ગા | ગોલ્ડ | મેન્સ 67kg |
| (54) | અચીન્તા સેઉલી | ગોલ્ડ | મેન્સ 73kg |
| (55) | સંકેત સરગાર | સિલ્વર | મેન્સ 55kg |
| (56) | બિંદયારાણી દેવી | સિલ્વર | વુમન્સ 55kg |
| (57) | વિકાસ ઠાકુર | સિલ્વર | મેન્સ 96kg |

| | | | |
|---|---|---|---|
| (58) | ગુરુરાજા પુજારી | બ્રોન્ઝ | મેન્સ 61kg |
| (59) | હરઝિન્દર કૌર | બ્રોન્ઝ | વુમન્સ 71kg |
| (60) | લવપ્રિત સિંગ | બ્રોન્ઝ | મેન્સ 109kg |
| (61) | ગુરદિપ સિંગ | બ્રોન્ઝ | મેન્સ +109 kg |

**કોમનવેલ્થ ગેમ્સ વિશે...**

→ કોમનવેલ્થ ગેમ્સ જેને ઘણીવાર ફ્રેન્ડલી ગેમ્સ તરીકે ઓળખવામાં આવે છે, જે કોમનવેલ્થ ઓફ નેશન્સ માંથી રમતવીરો વચ્ચેની આંતરરાષ્ટ્રીય સ્પોર્ટ્સ ઈવેન્ટ છે.
→ આ રમતોના સંચાલન માટે CFC (Commonwealth Game Faderation) ની રચના કરવામાં આવી છે.
→ ધ્યેય : માનવતા (Humanity) – સમાનતા (Equality) – નિયતિ (Destiny) (2001)માં અપનાવ્યો.
→ મુખ્યાલય : લંડન (બ્રિટન)
→ આયોજન : દર ચાર વર્ષે
→ આ રમતોનું સૌપ્રથમ આયોજન ઈ.સ. 1930માં હેમિલ્ટન (કેનેડા) ખાતે કરવામાં આવ્યું હતું.
→ આ રમતો ઈ.સ. 1930 – 1974 સુધી બ્રિટિશ સામ્રાજ્ય રમતોત્સવના નામથી ઓળખાતો હતો.
→ ઈ.સ. 1978 એડમન્ટન (કેનેડા)માં તેનું નામ બદલી કોમનવેલ્થ ગેમ્સ રાખવામાં આવ્યું હતું.
→ આ રમતોત્સવ દુનિયાનો બીજા નંબરનો સૌથી મોટો રમતોત્સવ છે.
→ ભૂતકાળમાં જે દેશો બ્રિટિશ સત્તા હેઠળ ગુલામ હતા તેવા દેશોના સમૂહને કોમનવેલ્થ દેશો કહેવામાં આવે છે. હાલમાં કુલ સભ્ય દેશોની સંખ્યા 56 છે. કોમનવેલ્થ હેડ્સ ઓફ ગર્વમેન્ટ મિટીંગ (CHOGM) 2022 ની બેઠક દરમિયાન બે આફ્રીકન દેશો ગેબોન અને ટોગોને કોમનવેલ્થ ગ્રુપનાં ક્રમશઃ 55મા અને 56મા સભ્ય દેશો તરીકે ઉમેરવામાં આવ્યા હતા.
→ ભારતે ઈ.સ. 1934માં લંડન ખાતે યોજાયેલ કોમનવેલ્થ રમતોત્સવમાં સૌપ્રથમ ભાગ લીધો હતો.
→ કુસ્તીબાજ રશીલ અનવર કોમનવેલ્થ ગેમસ 1934માં પુરુષોની 74 કિગ્રા ફ્રી સ્ટાઈલ કુસ્તી સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીતનાર પ્રથમ ભારતીય હતો.
→ સુપ્રસિદ્ધ દોડવીર મિલ્ખા સિંહ 1958માં કાર્ડિફ ખાતે પુરુષોની 440 યાર્ડ સ્પર્ધામાં ટોચનું સ્થાન મેળવીને કોમનવેલ્થ ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક જીતનાર પ્રથમ ભારતીય બન્યા હતા.
→ વર્ષ 2010માં સૌપ્રથમ ભારતમાં નવી દિલ્હીમાં જવાહરલાલ નહેરુ સ્ટેડિયમમાં કોમનવેલ્થ રમતોત્સવનું આયોજન થયું હતું જેમાં ભારત 38 ગોલ્ડ મેડલ અને કુલ 101 મેડલ સાથે બીજું સ્થાન મેળવ્યું હતું.
→ વર્ષ 2018માં ઓસ્ટ્રેલિયાના ગોલ્ડ કોસ્ટમાં કોમનવેલ્થ ગેમ્સ–2018નું આયોજન થયું હતું. ભારતે 26 ગોલ્ડ મેડલ અને કુલ 66 મેડલ સાથે "ગોલ્ડ કોસ્ટ કોમનવેલ્થ ગેમ્સ 2018"માં ત્રીજુ સ્થાન મેળવ્યું હતું.
→ 'કોમનવેલ્થ ગેમ્સ–2026'નું આયોજન ઓસ્ટ્રેલિયાના વિકટોરિયા ખાતે થશે.

## ✷ વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ (CSIR)ના પ્રથમ મહિલા ડિરેકટર તરીકે ડૉકટર એન.કલાઈસેલ્વીની નિમણૂંક

➲ વરિષ્ઠ વિજ્ઞાની ડૉકટર એન.કલાઈસેલ્વી CSIRના પ્રથમ મહિલા ડિરેકટર બન્યા.
➲ આ ઉપરાંત તેમને DSIR – ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્ટીફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચના સચિવપદની જવાબદારી પણ સોંપવામાં આવી છે.
➲ ડૉકટર કલાઈસેલ્વી શેખર માન્ડેનું સ્થાન લેશે.
➲ શેખર માન્ડે સેવા નિવૃત્ત થયા પછી બાયોટેકનોલોજી વિભાગના સચિવ રાજેશ ગોખલે CSIR ના મહાનિર્દેશક પદનો વધારાનો હવાલો સંભાળી રહ્યા હતા.




**વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ (CSIR – Council of Scientific and Industrial Research)**

**સ્થાપના** : 26 સપ્ટેમ્બર 1942
**વડુમથક** : નવી દિલ્હી
**અધ્યક્ષ** : નરેન્દ્ર મોદી (હોદ્દાની રૂએ ભારતના વડાપ્રધાન હોય છે.)
**ડિરેકટર (મહાનિર્દેશક) :** નલ્લાથમ્બી કલાઈસેલ્વી

→ CSIRની સંશોધન અને વિકાસ પ્રવૃત્તિઓમાં એરોસ્પેસ એન્જિનિયરીંગ, સ્ટ્રકચરલ એન્જિનિયરીંગ સમુદ્ર વિજ્ઞાન, જીવન વિજ્ઞાન, ધાતુશાસ્ત્ર, રસાયણો, ખાણકામ, ખોરાક, પેટ્રોલિયમ, ચામડું અને પર્યાવરણીય વિજ્ઞાનનો સમાવેશ થાય છે.

ગુજરાતમાં સૌથી પ્રતિષ્ઠિત સંસ્થા

# બેન્કિંગ એકેડમી
# સુરત

અંદાજિત કુલ જગ્યાઓ
20000+

ગુજરાત સરકારની વર્ગ-૩ની
વિવિધ ભરતીઓ

GPSC Class-III
ASI/PSI
કોન્સ્ટેબલ
તલાટી કમ મંત્રી
બિન સચિવાલય
TET - I/II - TAT
વનરક્ષક

# GPSC

તૈયારી માટેના નવા વર્ગો
ટૂંક સમયમાં શરૂ

ADMISSION OPEN

નવા વર્ગોની માહિતી માટે સંસ્થાની
રૂબરૂ મુલાકાત લો.

| સુરત (ઉધના) | સુરત (વરાછા) | નવસારી | વ્યારા |
|---|---|---|---|
| Ph. : 70461 40555 | Ph. : 70464 16555 | Ph. : 70466 41555 | Ph. : 90998 64658 |



## એવોર્ડ, પુરસ્કાર

### ✷ પ્રસિદ્ધ લેખક શશિ થરૂરને "શેવેલિયર ડીલા લીજન ડી ઓનર" પુરસ્કાર એનાયત.




- તાજેતરમાં કોંગ્રેસ નેતા શશિ થરૂરને ફ્રાંસ સરકારનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર "શેવેલિયર ડીલા લીજન ડી ઓનર" એનાયત કરવામાં આવ્યો છે.
- શશિ થરૂરને આ સન્માન વર્ષ 2021માં ફ્રેન્ચ ભાષામાં ભાષણ આપવા બદલ આપવામાં આવ્યું છે.
- શશિ થરૂરે ફ્રેન્ચમાં આપેલા ભાષણે એમ્બેસી, કોન્સ્યુલેટ, મિલિટરી એટેચ અને એલાયન્સ ફ્રાન્કાઈઝના અધિકારીઓને આશ્ચર્યચકિત કર્યા હતા.
- આ અગાઉ તેમણે સ્પેનિશ ભાષામાં પણ ભાષણ આપ્યું હતું, જેના લીધે વર્ષ 2010 સ્પેનિશ સરકાર દ્વારા "એનકોમિએન્ડા ડેલા રિયલ ઓર્ડર એસ્પેનોલા ડી કાર્લોસ – III" સન્માન તેમને આપવામાં આવ્યું હતું.

**શેવેલિયર ડીલા લીજન ડી ઓનર વિશે...**

→ "શેવેલિયર ડીલા લીજન ડી ઓનર" ને ફ્રેન્ચ ઓર્ડર ઓફ મેરીટ પણ કહેવામાં આવે છે.
→ ફ્રેન્ચ લશ્કરી અને રાજકીય નેતા નેપોલિયન બોનાપાર્ટે વર્ષ 1802 માં આ સન્માનની શરૂઆત કરી હતી.
→ આ સન્માન ઉત્તમ નાગરિક (સંપૂર્ણ જીવનપર સારા આચરણ રાખવાવાળા નાગરિક) અથવા લશ્કરી આચરણ અથવા યુદ્ધના સમયમાં આસાધારણ સૈન્ય બહાદુરી દર્શાવનારા લોકોને આપવામાં આવે છે.

### ✷ તાજેતરમાં 1082 જવાનોને "રાષ્ટ્રપતિ પોલીસ મેડલ" આપવામાં આવ્યા.

- 15 ઓગસ્ટ, 2022 (સ્વતંત્રતા દિવસ)ના રોજ અને "આઝાદી કા અમૃત મહોત્સવ"ની ઉજવણીના ભાગ સ્વરૂપે 1082 પોલીસ કર્મચારીઓને "રાષ્ટ્રપતિ પોલીસ મેડલ" આપવામાં આવ્યા.




| ક્રમ | સેવા / કાર્ય | જવાનોની સંખ્યા |
|---|---|---|
| (1) | વીરતા બદલ | 347 |
| (2) | વિશિષ્ટ સેવા બદલ | 87 |
| (3) | ગુણવાન સેવા બદલ | 648 |
| કુલ | | 1082 |

❖ **રાષ્ટ્રપતિ પોલીસ મેડલ વિશે :**

- રાષ્ટ્રપતિ પોલીસ મેડલ ભારતમાં કાયદા અમલીકરણના સેવા નિવૃત્ત વ્યકિતઓ આપવામાં આવે છે.
- કાયદા અમલીકરણ વ્યકિતઓમાં CRPF (સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ)ના જવાનો, રાજ્યના પોલીસ કર્મચારી, સેનાના જવાનો વગેરેનો સમાવેશ થાય છે.
- આ મેડલ 1 માર્ચ, 1951ના રોજ "પ્રેસિડેન્ટ્સ પોલીસ એન્ડ ફાયર સર્વિસ મેડલ"ના નામ પરથી શરૂઆત કરવામાં આવી હતી.
- આ મેડલ વીરતા બદલ અથવા વિશિષ્ટ સેવા બદલ અથવા તો ગુણવાન સેવા બદલ આપવામાં આવે છે. તે દર વર્ષે પ્રજાસત્તાક દિવસ અને સ્વતંત્રતા દિવસ પર આપવામાં આવે છે.

Banking Academy

## મહત્વના દિવસો

### ✷ 10 ઓગસ્ટ : વિશ્વ સિંહ દિવસ (World Lion Day)




- દર વર્ષે 10 ઓગસ્ટના રોજ વિશ્વ સિંહ દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણી સિંહોના સંરક્ષણ માટેની પ્રતિજ્ઞા લઈને કરવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ સિંહનું સંવર્ધન કરી સુરક્ષિત રાખવા વિશ્વમાં જાગૃતિ લાવવાનો છે.
- એશિયાઈ સિંહ એ બિલાડી વંશનું સૌથી ઊંચું અને વાઘ પછીનું સૌથી મોટું પ્રાણી છે.
- હાલમાં સિંહ સમગ્ર વિશ્વમાં ભારતના ગુજરાતના સૌરાષ્ટ્રમાં અને આફ્રિકામાં એમ ફક્ત 2 જગ્યાએ જોવા મળે છે. છેલ્લા 15 વર્ષોમાં એશિયાટિક સિંહોની સંખ્યામાં 88% નો વધારો થયો છે.
- વર્ષ 1993માં IUCN (International Union for Conservation of Nature)ના રેડ લિસ્ટ મુજબ સિંહને 'સંવેદનશીલ' પ્રાણીઓમાં મૂકવામાં આવ્યો છે.

**સિંહ સંરક્ષણ માટે ભારત સરકારના પ્રયાસો...**

→ ભારતમાં સિંહના સંરક્ષણ માટે વન્યજીવ સુરક્ષા અધિનિયમ, 1972 ઘડવામાં આવ્યો છે. વર્ષ 1973 સુધી સિંહ ભારતનું રાષ્ટ્રીય પ્રાણી હતું.
→ ભારતમાં કેન્દ્રીય વન, પર્યાવરણ અને જળવાયુ મંત્રાલય દ્વારા 2018 થી 2021 સુધી 3 વર્ષ માટે 'એશિયાઈ સિંહ સંરક્ષણ પ્રોજેક્ટ' હાથ ધરવામાં આવ્યો હતો.
→ સિંહોના સંરક્ષણ માટે ગીર ફોરેસ્ટ(ગુજરાત)ને વર્ષ 1965માં અભ્યારણ્ય અને વર્ષ 1975માં રાષ્ટ્રીય ઉદ્યાન તરીકે જાહેર કરવામાં આવ્યું છે. ગીર જંગલ એશિયાઈ સિંહોનું એકમાત્ર પ્રાકૃતિક નિવાસસ્થાન છે.
→ વર્ષ 1965 થી વન વિભાગ દ્વારા દર પાંચ વર્ષે સિંહોની વસ્તી ગણતરી કરવામાં આવે છે.
→ હાલમાં ગુજરાત વન વિભાગ દ્વારા વર્ષ 2020માં સિંહોની 15મી વસતી ગણતરી મુજબ સિંહોની સંખ્યા 674 છે. જે વર્ષ 2015 સરખામણીએ 29% વધારો થયો છે. જૂન, 2020ની સિંહની વસતી ગણતરી બ્લોક ચેઈન ફુટ કાઉન્ટ મેથડ દ્વારા કરવામાં આવી હતી.

### ✷ 12 ઓગસ્ટ : આંતરરાષ્ટ્રીય યુવા દિવસ (Internation Youth Day)




- દર વર્ષે 12 ઓગસ્ટના રોજ આંતરરાષ્ટ્રીય યુવા દિવસ ઉજવવામાં આવે છે. હાલમાં 22મો આંતરરાષ્ટ્રીય યુવા દિવસ ઉજવવામાં આવ્યો છે.
- વર્ષ 2022 ની થીમ : "Intergenerational Solidarity : Creating a world for all ages."
- આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ સ્થાનિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક કક્ષાએ યુવા વર્ગ સાંસ્કૃતિક, સામાજિક અને કાયદાકીય બાબતો પ્રત્યે જાગૃત કરવાનો તેમજ ગરીબી નિવારણ અને સતત વિકાસના લક્ષ્યો (SDGs) પ્રાપ્ત કરવા યુવા વર્ગને નેતૃત્વ સોંપવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્ર (UN) દ્વારા 17 ડિસેમ્બર, 1999 ના રોજ યુવા વિશ્વ સંમેલનમાં 12 ઓગસ્ટને આંતરરાષ્ટ્રીય યુવા દિવસ તરીકે ઉજવવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. સૌપ્રથમવાર આ દિવસ વર્ષ 2000માં ઉજવવામાં આવ્યો હતો.
- સંયુક્ત રાષ્ટ્ર (UN) દ્વારા વર્ષ 1985ને આંતરરાષ્ટ્રીય યુવા વર્ષ (International Youth Year) જાહેર કર્યું હતું.
- 12 જાન્યુઆરી : 'રાષ્ટ્રીય યુવા દિવસ' (ભારત સરકાર દ્વારા ઉજવવામાં આવે છે)

## ✸ 12 ઓગસ્ટ : વિશ્વ હાથી દિવસ (World Elephant Day)





- દર વર્ષે 12 ઓગસ્ટના રોજ વિશ્વ હાથી દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદેશ એશિયન અને આફ્રિકન હાથીની સુરક્ષા અને સંવર્ધન કરવાની સાથે તેમનો શિકાર ઉપરાંત હાથી દાંતની ચોરી અટકાવવાનો છે.
- વિશ્વ હાથી દિવસ પ્રથમ વખત 12 ઓગસ્ટ 2012 ના રોજ ઉજવવામાં આવ્યો હતો.
- હાલની વસ્તીના અંદાજે વિશ્વમાં લગભગ 50 થી 60 હજાર એશિયાઈ હાથીઓ છે. ભારતમાં વર્ષ 2017 મુજબ હાથીઓની સંખ્યા 27,964 હતી.
- એશિયાઈ હાથીઓને IUCN (International Union for Conservation of Nature) ની રેડ લિસ્ટમાં 'લુપ્તપ્રાય' તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

**હાથી સંરક્ષણ માટે ભારત સરકારના પ્રયાસો...**


→ ભારતમાં વર્ષ 1992માં હાથી પરિયોજના અંતર્ગત અત્યાર સુધીમાં 15 રાજયોમાં કુલ 32 હાથી સંરક્ષિત સ્થળોનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
→ હાથીની સુરક્ષા અને સંવર્ધન અને હાથીદાંતની ચોરી અટકાવવા માટે ભારત સરકાર દ્વારા 'સુરક્ષા' (SURAKSHA) પોર્ટલ લોન્ચ કરવામા આવ્યું હતું.
→ ભારત સરકારે ભારતીય હાથીને વર્ષ 2010 માં રાષ્ટ્રીય વિરાસત પ્રાણી (National Heritage Animal) તરીકે જાહેર કરવામાં આવ્યું છે.
→ ભારત સરકાર દ્વારા મથુરામાં દેશનું પ્રથમ હાથી સ્મારક બનાવવામાં આવ્યું છે.

## ✸ 12 ઓગસ્ટ : વિશ્વ સંસ્કૃત દિવસ (World Sanskrit Day)




- દર વર્ષે શ્રાવણ સુદ પૂનમના દિવસે વિશ્વ સંસ્કૃત દિવસ ઉજવવમાં આવે છે. આ વર્ષે 12 ઓગસ્ટ (શ્રાવણ સુદ પૂનમ)ના રોજ વિશ્વ સંસ્કૃત દિવસ ઉજવવામાં આવ્યો.
- વર્ષ 1969માં તત્કાલીન શિક્ષણમંત્રી વી.કે.વરદરાજા અને કાશ્મીરના રાજા કરણસિંહના પ્રયત્નોથી શ્રાવણ પૂર્ણિમાને વિશ્વ સંસ્કૃત દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતની સૌથી પ્રાચીન ભાષાના ભવ્ય વારસાને જાળવવાનો, પુનઃજીવિત કરવાનો, તે અંગે જાગૃતિ લાવવાનો અને જૂના માધ્યમને લોકપ્રિય બનાવવાનો છે. સંસ્કૃત ભાષા લગભગ 3,500 વર્ષ જૂની છે.
- ભારતીય બંધારણ ભાગ – 17 અને અનુસૂચિ – 8માં 22 ભાષાઓને રાજભાષા તરીકે માન્યતા આપવામાં આવી છે. જેમાં સંસ્કૃત ભાષાનો સમાવેશ થાય છે.
- સાહિત્ય અકાદમી દ્વારા નિમાયેલ એક વિશેષજ્ઞ સમિતિની ભલામણોને ધ્યાનમાં રાખી ભારત સરકારે વર્ષ 2004માં શાસ્ત્રીય ભાષાઓ (Classical Languages) નામથી ભાષાની એક શ્રેણીની સ્થાપના કરી છે. જે મુજબ કુલ 6 ભાષા તમિલ, સંસ્કૃત, તેલુગુ, કન્નડ, મલયાલમ અને ઉડિયા ભાષાનો સમાવેશ થાય છે.
- સંસ્કૃત ભાષાને વર્ષ 2005માં શાસ્ત્રીય ભાષાનો દરજ્જો આપવામાં આવ્યો હતો.

## ✸ 12 ઓગસ્ટ : રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસ (National Librarian's Day)




- દર વર્ષે 12 ઓગસ્ટના રોજ 'રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસ' ઉજવવામાં આવે છે. આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ માહિતીની શોધમાં રહેલા તમામને તેમના જ્ઞાનના આધારને વિસ્તૃત કરવા, સરળતાથી સંશોધન થઈ શકે તે માટે શિક્ષણ અને મનોરંજનની માહિતીને સુલભ અને સરળતાથી પ્રાપ્ત કરી શકાય તેવો બનાવવાનો છે.
- ભારતમાં પુસ્તકાલય વિકાસને આગળ વધારવા, ગ્રંથાલય વિજ્ઞાનના રાષ્ટ્રીય અધ્યાપક, ડૉ. એસ. આર. રંગનાથનની યાદમાં 12 ઓગસ્ટના રોજ રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસ ઉજવવામાં આવે છે.
- ડૉ.એસ.આર રંગનાથને ભારતીય પુસ્તકાલય વિજ્ઞાનના પિતા તરીકે ઓળખવામાં આવે છે.

### ડૉ.એસ.આર. રંગનાથન વિશે...

→ ડૉ.એસ. આર. રંગનાથનનો જન્મ 12 ઓગસ્ટ, 1892 ના રોજ દક્ષિણ ભારતમાં તમિલનાડુ રાજયના શિયાલીમાં થયો હતો. આ વર્ષે તેમની 130મી જન્મજયંતી છે.

→ મદ્રાસના અગ્રણી ધારાશાસ્ત્રી અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના કૃષ્ણસ્વામી અય્યર જેવા વિદ્વાનોની મદદથી રંગનાથને જાન્યુઆરી, 1928માં મદ્રાસ લાઈબ્રેરી એસોસિએશનની સ્થાપના કરી હતી. ઉપરાંત તેમણે ઈન્ડિયન એસોસિએશન ઓફ ટીચર્સ ઓફ લાઈબ્રેરી વિજ્ઞાન (IATLIS) ની સ્થાપના કરી હતી.

→ ડૉ. આર.એસ. રંગનાથને ભારત માટે રાષ્ટ્રીય પુસ્તકાલય પ્રણાલીની યોજના પણ તૈયાર કરી હતી.

→ તેઓ યુનિવર્સિટી ગ્રંથપાલ અને બનારસ હિંદુ યુનિવર્સિટી (1945-47)માં પુસ્તકાલય વિજ્ઞાનના પ્રોફેસર અને દિલ્હી યુનિવર્સિટી (1947-55)માં પુસ્તકાલય વિજ્ઞાનના પ્રોફેસર હતા. છેલ્લી તેમની નિમણૂક પ્રથમ ભારતીય પુસ્તકાલય શાળાના ડિરેકટર તરીકે થઈ હતી. તેઓ વર્ષ 1944 થી 1953 સુધી ભારતીય પુસ્તકાલય સંઘના પ્રમુખ હતા.

→ પુસ્તકાલય ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી બદલ ભારત સરકાર દ્વારા વર્ષ 1957માં તેમને પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ✷ 12 ઓગસ્ટ : ડૉ. વિક્રમ સારાભાઈની જન્મજયંતી




➲ ભારતીય અવકાશ કાર્યક્રમ અને ISROના જનક ડૉ. વિક્રમ સારાભાઈનો જન્મ 12 ઓગસ્ટ, 1919ના રોજ અમદાવાદમાં થયો હતો.

➲ આ વર્ષે વિક્રમ સારાભાઈની 103મી જન્મજયંતીની ઉજવણી ISRO SAC (Space Application Centre) દ્વારા ગુજરાત સાયન્સ સિટી ખાતે કરવામાં આવી છે.

➲ વિક્રમ સારાભાઈનું નિધન 30 ડિસેમ્બર, 1971ના રોજ 52 વર્ષની વયે કેરળના તિરુવનંતપુરમના કોવલમ પાસે આવેલા Halcyon Castle ખાતે થયું હતું.

➲ તેમનું પૂરું નામ વિક્રમ અંબાલાલ સારાભાઈ છે. તેઓ ભારતના પ્રસિદ્ધ વૈજ્ઞાનિક, ભૌતિકશાસ્ત્રી અને ખગોળશાસ્ત્રી હતા.

➲ તેમની સ્મૃતિમાં તિરુવનંતપુરમમાં આવેલા ‘થુમ્બા ઈલેકટ્રોરીયલ રોકેટ લોન્ચિંગ સ્ટેશન’ અને તેને સંબંધિત અંતરિક્ષ સંસ્થાઓનું નામ બદલીને ‘ડૉ.વિક્રમ સારાભાઈ અંતરિક્ષ કેન્દ્ર’ કરવામાં આવ્યું છે.

➲ ચંદ્રયાન–2 મિશનના લેન્ડરને ‘વિક્રમ’ નામ આપવામાં આવ્યું છે.

### ડૉ.વિક્રમ સારાભાઈના કાર્યો વિશે...

→ ડૉ. વિક્રમ સારાભાઈએ વર્ષ 1940માં ઈંગ્લેન્ડની કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી પ્રાકૃતિક વિજ્ઞાનમાં ડિગ્રી મેળવી હતી અને વર્ષ 1947માં કોસ્મિક રેઝ અને સોલાર ફિઝિક્સ વિષય પર ભૌતિક વિજ્ઞાનમાં P.hDની ડિગ્રી મેળવી હતી.

→ ડૉ. વિક્રમ સારાભાઈએ બેંગ્લોર ખાતે સી.વી.રામનના નેતૃત્વ હેઠળ ‘કોસ્મિક રે રેન્જ’ અંગે સંશોધન કર્યું હતું તેમજ ડૉ.એ.પી.જે.અબ્દુલ કલામ સહિત અનેક નવયુવાનોની પસંદગી કરીને તેમને દેશનું ભાવિ સોંપ્યું હતું.

→ તેમની દ્દષ્ટિ અને પ્રતિબદ્ધતાના કારણે નેહરુ સરકાર દરમિયાન INCOSPAR (Indian National Committee for Space Research)ની સ્થાપના થઈ. જેનું નામ પાછળથી ISRO (Indian Space Research Organisation) રાખવામાં આવ્યું છે.

→ તેમણે મેનજમેન્ટ ક્ષેત્રે ખૂબ કાર્યદક્ષ સંસ્થા ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટસ ઓફ મેનેજમેન્ટ (IIMs) અમદાવાદની સ્થાપનામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

→ ભારતમાં કાપડ ઉદ્યોગોને પ્રોત્સાહન મળે તે માટે અમદાવાદ ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રી રિસર્ચ એસોસિએશન (ATIRA -1947)ની સ્થાપના કરી હતી. ATIRA એ કાપડ ક્ષેત્રમાં સંશોધન કરતી સૌથી મોટી સંસ્થા છે અને તેના પ્રથમ અધ્યક્ષ ડૉ. વિક્રમ સારાભાઈ હતા તથા તેમણે અમદાવાદ મની એસોસિએશનની સ્થાપના કરી હતી.

→ આ ઉપરાંત તેમણે વર્ષ 1947માં અમદાવાદ ખાતે PRL (Physical Research Laboratory) ની સ્થાપના કરી હતી.

→ તેઓએ હોમીભાભાને ભારતનું પ્રથમ રોકેટ લોન્ચિંગ સ્ટેશન સ્થાપવામાં મદદ કરી હતી. જે તિરુવનંતપુરમ નજીક સેન્ટ મેરી મેગડાલીન ચર્ચમાં બનાવવામાં આવ્યું હતું.

→ ભારત સરકારે તેમને પદ્મભૂષણ (1966) અને પદ્મવિભૂષણ (મરણોપરાંત) (1972)થી સન્માનિત કરેલ છે. આ ઉપરાંત વર્ષ 1962માં તેમને શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# GPSC Class - III
## PSI / ASI / CONSTABLE માટે સંપૂર્ણ મટીરીયલ સેટ




**COMBO BOOKS SET (13 BOOKS)**

## આ મટીરીયલ સેટ કુરિયર તેમજ સંસ્થાની કોઈપણ શાખા પરથી મેળવી શકશો.

## Contact: 8140858555

## ✷ 15 ઓગસ્ટ : ભારતીય સ્વતંત્રતા દિવસ




- ભારત 15 ઓગસ્ટ, 1947ના રોજ બ્રિટનથી આઝાદ થયું હતું તેથી દર વર્ષે 15 ઓગસ્ટના રોજ સ્વાતંત્ર્ય દિન ઉજવવામાં આવે છે.
- આ દિવસે ભારતના વડાપ્રધાન દ્વારા લાલ કિલ્લા (દિલ્હી) ઉપર ધ્વજવંદન કર્યા પછી રાષ્ટ્રને સંબોધિત કરે છે.
- તાજેતરમાં વર્ષ 2022માં 76મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા દિલ્હીના લાલ કિલ્લા ઉપર 9મી વાર ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.
- આ વર્ષે સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં 21 તોપોની સલામી આપવા માટે સૌપ્રથમ વખત સ્વદેશી હોવિત્ઝર તોપ, ATAGS (Advanced Towed Artillery Gun System) નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- આ વર્ષે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગરૂપે 13 ઓગસ્ટથી 15 ઓગસ્ટ દરમિયાન 'હર ઘર તિરંગા' અભિયાન ચલાવવામાં આવ્યું હતું.
- આ દિવસે રાષ્ટ્રપતિ દ્વારા સેનાના જવાનો અને કેન્દ્રશાસિત પ્રદેશ તથા રાજ્યોના પોલીસ જવાનોને તેમની વિશિષ્ટ સેવાઓ બદલ વિવિધ મેડલ અને પુરસ્કારથી સન્માનિત કરવામાં આવે છે. સેનાનાં જવાનોને બહાદૂરી બદલ કિર્તી ચક્ર અને આત્મ સમર્પણ બદલ શૌર્ય ચક્ર એનાયત કરવામાં આવે છે.
- 15મી ઓગસ્ટે ફકત ભારત જ નહીં પરંતુ અન્ય પાંચ દેશોમાં પણ સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવે છે. જેમાં લિકટેસ્ટીન (1940), દક્ષિણ કોરિયા (1945), ઉત્તરી કોરિયા (1945), કાંગો (1960) અને બહેરિન (1971)નો સમાવેશ થાય છે. આમ, 15 ઓગસ્ટના રોજ 6 દેશોમાં સ્વતંત્રતા દિવસ ઉજવવામાં આવે છે.

## ✷ 15 ઓગસ્ટ : મહર્ષિ અરવિંદ ઘોષની 150મી જન્મજયંતી




- ક્રાંતિકારી, દેશભકત અને આધ્યાત્મિક સિદ્ધિ પ્રાપ્ત કરનાર યુગપુરુષ મહર્ષિ અરવિંદનો જન્મ 15 ઓગસ્ટ, 1872ના રોજ કોલકત્તા ખાતે થયો હતો. આ વર્ષે તેમની 150મી જન્મજયંતી છે.
- તેઓ રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદના વિચારોથી પ્રભાવિત થયા હતા.
- તેમણે ઈંગ્લેન્ડની કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી દર્શનશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. તેઓ ICS અધિકારી બનવા માંગતા હતા પરંતુ તેમાં અસફળ રહ્યા હતા.
- તેમના જ્ઞાનથી પ્રભાવિત થઈને વડોદરાના ગાયકવાડ મહારાજાએ તેમને પોતાના અંગત સચિવ બનાવ્યા હતા.
- તેઓ લાલ, બાલ અને પાલની ત્રિપુટીના જહાલવાદી (ગરમપંથી) વિચારધારાના સમર્થક હતા.
- લોર્ડ કર્ઝન દ્વારા વર્ષ 1905માં બંગાળના ભાગલા પાડવામાં આવતા તેમણે તેનો ઉત્તેજક ભાષણ આપીને ઉગ્ર વિરોધ કર્યો હતો. તેમજ અંગ્રેજ સરકારની દમન નીતિના લેખો પ્રકાશિત કરીને નિંદા કરી હતી. 'બંગ ભંગ' આંદોલનનું નેતૃત્વ રવીન્દ્રનાથ ટાગોર તથા અરવિંદ ઘોષ દ્વારા કરવામાં આવ્યું હતું.
- વર્ષ 1907માં પોતાના ભાષણમાં ભારત દેશને 'ભારતમાતા'નું સંબોધન કરનાર તેઓ પ્રથમ નેતા હતા.
- તેમણે અંગ્રેજીમાં 'કર્મયોગી' તથા 'આર્ય' અને બંગાળીમાં 'ધર્મ' નામના સામયિકો શરૂ કર્યા હતા. ઉપરાંત 'વંદે માતરમ્' અંગ્રેજી દૈનિકના સંપાદક તરીકે તેઓએ કામગીરી પણ કરી હતી.
- ગુજરાતમાં સશસ્ત્રક્રાંતિની ભૂમિકા તૈયાર કરનાર સર્વપ્રથમ નેતા અરવિંદ ઘોષ હતા. તેઓએ 'ભવાની મંદિર' નામના પુસ્તકમાં ક્રાંતિની યોજના આલેખી હતી.
- તેમણે રાષ્ટ્રવાદી વિચારો અને અલીપુર બોમ્બ કેસમાં જેલવાસ પણ ભોગવ્યો હતો. જેલમાંથી બહાર આવ્યા બાદ તેઓ આધ્યાત્મિક જીવન તરફ વળ્યા અને ક્રાંતિકારી પ્રવૃત્તિ બંધ કરી યોગી અરવિંદ બની ગયા હતા.
- તેમણે વર્ષ 1926માં આધ્યાત્મિક કાર્યકરોની મદદથી પુડુચેરી ખાતે 'શ્રી અરવિંદ આશ્રમ'ની સ્થાપના કરી હતી. જેનો ઉદ્દેશ માનવીનો વિકાસ કરવાનો અને માનવ જીવનને વધુ સુંદર બનાવવાનો હતો.
- તેમને કવિતા, આધ્યાત્મ અને તત્વજ્ઞાનમાં યોગદાન બદલ સાહિત્ય માટેનો નોબેલ (1943) અને શાંતિ માટેનો નોબેલ (1950) થી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- તેમનું નિધન 5 ડિસેમ્બર, 1950ના રોજ 78 વર્ષની વયે પુડુચેરી ખાતે થયું હતું.


Banking Academy

## ✸ 19 ઓગસ્ટ : વિશ્વ માનવતા દિવસ




- દર વર્ષે 19 ઓગસ્ટના રોજ વિશ્વ માનવતા દિવસ (World Humanitarian Day) ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય સમગ્ર વિશ્વમાં માનવજાતના કલ્યાણ માટે મદદ કરવાનો, આંતરરાષ્ટ્રીય સહયોગ વધારવાનો તેમજ કટોકટીને કારણે અસરગ્રસ્ત થયેલા લોકોની યાદમાં ઉજવવામાં આવે છે.
- આ વર્ષની થીમ : 'to Show the importance, effectiveness, and positive impact of humanitarian work'
- સંયુક્ત રાષ્ટ્ર (UN) એ ડિસેમ્બર, 2008માં 19 ઓગસ્ટના રોજ વિશ્વ માનવતા દિવસ ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી. આ દિવસ સૌપ્રથમવાર વર્ષ 2009માં ઉજવવામાં આવ્યો હતો.

## ✸ 19 ઓગસ્ટ : વિશ્વ ફોટોગ્રાફી દિવસ




- દર વર્ષે 19 ઓગસ્ટના રોજ વિશ્વ ફોટોગ્રાફી દિવસ (World Photography Day) ઉજવવામાં આવે છે.
- વર્ષ 2022ની થીમ : 'Pandemic Lockdown through the lens'.
- આ દિવસ વ્યક્તિના જીવનમાં કેમેરો અને ફોટોગ્રાફીના મહત્વને સમજાવે છે.
- વર્ષ 1888માં જ્યોર્જ ઈસ્ટન દ્વારા પ્રથમ વિડીયો કેમેરાની શોધ કરવામાં આવી હતી. જે પ્રથમ સફળતાપૂર્વક રોલ ફિલ્મ હેન્ડ કેમેરો હતો.
- વર્ષ 1948માં એડમીન હારબટ દ્વારા કોલોરાઈડ કેમેરો લોન્ચ થયો હતો. જેને ઈન્સ્ટન્ટ ફોટોગ્રાફી માટે વાપરવામાં આવતો હતો. જે 60 Secondમાં ફોટોને પ્રિન્ટ કાઢી આપતો હતો.
- વિશ્વમાં ISO ફોટોગ્રાફીની શરૂઆત વર્ષ 1988માં આવી હતી.

## ✸ 20 ઓગસ્ટ : વિશ્વ મચ્છર દિવસ




- મલેરિયા તથા ડેન્ગ્યું જેવા રોગો ફેલાવતા મચ્છરો વિશે જાગૃતિ લાવવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 20 ઓગસ્ટના રોજ 'વિશ્વ મચ્છર દિવસ' (World Mosquito Day) ઉજવવામાં આવે છે.
- વર્ષ 2022ની થીમ : 'Harness innovation to reduce the malaria disease burden and save lives'.
- 20 ઓગસ્ટ, 1897માં બ્રિટીશ ડૉ. સર રોનાલ્ડ રોસે મચ્છરો અને મલેરિયા વચ્ચેની કડી ઓળખી કાઢવા માટે મહત્વનું સંશોધન કર્યું હતું. ડૉ. સર રોનાલ્ડ રોસે શોધી કાઢયું હતું કે માદા એનોફિલીસ મચ્છર વ્યક્તિઓમાં મલેરિયા થવા માટે જવાબદાર છે. તેમના સન્માનમાં આ દિવસને વિશ્વ મચ્છર દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- મલેરિયાની શોધ માટે વર્ષ 1902માં ડૉ. સર રોનાલ્ડ રોસેને નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.
- ભારતમાં મચ્છરોના 4 સમૂહ એનોફિલિસ, કયુલેકસ, એડિઝ અને મેન્સોનિયા જોવા મળે છે.

Banking Academy

## શબ્દાવલી

### ✷ ડિજિટલ કરન્સી (Digital Currency)

- ડિજિટલ કરન્સીએ ચલણનું એક સ્વરૂપ છે જે ફક્ત ડિજિટલ અથવા ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં જ ઉપલબ્ધ છે.
- ડિજિટલ કરન્સીને ડિજિટલ મની, ઈલેક્ટ્રોનિક મની, ઈલેક્ટ્રોનિક કરન્સી અથવા સાયબર કેશ પણ કહેવામાં આવે છે.
- આ કરન્સીમાં ભૌતિક લક્ષણો (સિક્કા અથવા નોટનો સ્વરૂપ) નથી અને તે માત્ર ડિજિટલ સ્વરૂપમાં હોય છે.
- આ કરન્સી સાથે સંકળાયેલા વ્યવહારો ઈન્ટરનેટ અથવા નિયુક્ત નેટવર્કસ સાથે જોડાયેલા કોમ્પ્યૂટર અથવા ઈલેક્ટ્રોનિક વોલેટનો ઉપયોગ કરીને કરવામાં આવે છે.
- Fiat Currency જે ભૌતિક સ્વરૂપમાં હોય છે.
- બિટકોઈન, ઈથેરિયમ અને ક્રિપ્ટોકરન્સી ડિજિટલ કરન્સીનો ઉદાહરણ છે.



Current Affairs Booster

1. **તાજેતરમાં RBI દ્વારા કેટલા સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યો છે?**
(A) 7 (B) 1 (C) 5 (D) 4

2. **તાજેતરમાં ફ્રેન્ચ સરકાર દ્વારા "શેવલિયર ડી લા લીજન ડી ઓનર" (Chevalier de la Legion d'Honour) સન્માન કયા ભારતીય નેતાને આપવામાં આવ્યું?**
(A) નરેન્દ્ર મોદી (B) એસ.જયશંકર (C) રાજેન્દ્રનાથ સિંહ (D) શશિ થરૂર

3. **તાજેતરમાં ગુજરાતમાં કેટલામાં વનમહોત્સવનું આયોજન કરવામાં આવ્યું?**
(A) 71 માં (B) 72 માં (C) 73 માં (D) 74 માં

4. **તાજેતરમાં કયા મંત્રાલય દ્વારા SMILE (Support for marginalised Individuals for liverihood and enterprise) યોજના લોન્ચ કરવામાં આવી છે?**
(A) ગૃહ મંત્રાલય (B) સામાજિક ન્યાય અને અધિકારીના મંત્રાલય
(C) નાણા મંત્રાલય (D) ખાદ્ય અને જાહેરવિતરણ મંત્રાલય

5. **નીચે આપેલ વિધાનો પૈકી કયા વિધાન યોગ્ય છે?**
(i) તાજેતરમાં ગુજરાતમાં 73 માં વન મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું.
(ii) આ પ્રસંગે રાજકોટના દુધરેજ ખાતે 'વટેશ્વર વન' નું લોકાર્પણ કરવામાં આવ્યું.
(iii) હાલમાં ગુજરાતમાં કુલ 22 સાંસ્કૃતિક વનોનું નિર્માણ કરવામાં આવ્યું છે.
(A) (i), (ii), (iii) (B) (i), (iii) (C) (ii), (iii) (D) (i), (ii)

6. **તાજેતરમાં ગુજરાતમાં મુખ્યમંત્રીએ કઈ યુનિવર્સિટી ખાતે 'સ્કુલ ઓફ ડ્રોન' નો શુભારંભ કર્યો?**
(A) કૌશલ્ય – ધી – સ્કિલ યુનિવર્સિટી (B) ગુજરાત યુનિવર્સિટી
(C) ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (D) મારવાડી યુનિવર્સિટી

7. **SMILE – 75 યોજના હેઠળ કેટલા મ્યુનિસિપલ કોર્પોરેશનો દ્વારા રોકાયેલા લોકોનું વ્યાપક રીતે પુનઃ સ્થાપન હાથ ધરવામાં આવશે?**
(A) 80 (B) 90 (C) 75 (D) 100

8. **તાજેતરમાં કોના દ્વારા ડિજિટલ લોનને નિયંત્રણ કરવા માટે માર્ગદર્શિકાનું પ્રથમ સેટ જારી કરવામાં આવ્યું છે?**
(A) SBI (B) RBI (C) SEBI (D) IRDAI

9. **તાજેતરમાં ભારતના કયા રાજયમાં ડ્રોન તાલીમ માટે DGCA માન્ય ભારતની પ્રથમ રાજયકક્ષાની યુનિવર્સિટી બની છે.**
(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) રાજસ્થાન (D) તમિલનાડુ

10. **ગુજરાતમાં રાજયકક્ષાના 73 માં વન મહોત્સવનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું?**
(A) દુધરેજ – સુરેન્દ્રનગર (B) જડેશ્વર – મોરબી (C) કાંકરેજ – જુનાગઢ (D) એકતાનગર – કેવડીયા

11. **તાજેતરમાં ભારત સરકારના કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર મંત્રાલય દ્વારા ________ના વધતા ભાવને રોકવા માટે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ – 1955 લાગુ કરવામાં આવ્યું છે.**
(A) તુવેરદાળ (B) મસૂર દાળ (C) મગ દાળ (D) ચના દાળ

12. **તાજેતરમાં 73 માં વન મહોત્સવ નિમિત્તે 22 માં સાંસ્કૃતિક વન તરીકે કયા વનનું લોકાપર્ણ કરવામાં આવ્યું?**
(A) જડેશ્વર વન (B) અંબિકા વન (C) વટેશ્વર વન (D) અમૃત વન

13. **76 માં સ્વતંત્ર દિન નિમિત્તે ગુજરાતના કેટલા પોલીસ અધિકારીને 'રાષ્ટપતિના પોલિસ ચંદ્રક' થી સન્માનિત કરવામાં આવ્યાં?**
(A) 19 (B) 25 (C) 28 (D) 32

14. **રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને કયા ધોરણે ગ્રાહક બાબતોના વિભાગના મોનિટરિંગ પોર્ટલ પર સ્ટોકહોલ્ડર સંસ્થાઓ દ્વારા તેમની પાસે રાખવામાં આવેલ સ્ટોકનો ડેટાને અપલોડ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે?**
(A) માસિક (B) સાપ્તાહિક (C) ત્રિમાસિક (D) અર્ધવાર્ષિક

15. **ગુજરાતમાં સ્કિલ નિર્માણ માટે 'કૌશલ્ય – ધ – સ્કિલ યુનિવર્સિટી કયાં આવેલી છે?**
(A) અમદાવાદ (B) સુરત (C) રાજકોટ (D) ગાંધીનગર

Banking Academy

16. તાજેતરમાં ભારતીય રિઝર્વબેંક (RBI) દ્વારા જારી કરવામાં આવેલ માર્ગદર્શિકાનું પ્રથમ સેટ વિશે નીચેનામાંથી કયુ વિધાન સાચુ છે?
(1) આ માર્ગદર્શિકા મુજબ તમામ લોનનું વિતરણ અને પુનઃ ચુકવણી માત્ર લોન લેનારના બેંક ખાતાઓ અને નિયમનકારી સંસ્થાઓ (બેંક અથવા નોન–બેંકિંગ ફાયનાન્સ કંપની) વચ્ચે કોઈ પણ મધ્યસ્થી વગર જ કરવાનું રહેશે.
(2) આ માર્ગદશિકા મુજબ લોન લેનાર વ્યક્તિની ફરિયાદ 60 દિવસની અંદર ઉકેલવામાં આવી ન હોય તો RBIને જાણ કરવામાં આવશે.
(3) આ માર્ગદર્શિકા મુજબ નિયમનકારી સંસ્થાઓએ ડિજિટલ લેન્ડિગ એપ્સ (DLA) દ્વારા કરવામાં આવેલ કોઈ પણ લોનની જાણ RBI ને કરવાની રહેશે.
(4) આ માર્ગદર્શિકા મુજબ ક્રેડિટ ઓર્બિટ્રેશન (મધ્યસ્થી) પ્રક્રિયામાં ધિરાણ સેવા પ્રદાતાઓ (Lending Service Providers) ને ચૂકવવા પાત્ર ફી અથવા શુલ્ક સીધા બેક અથવા નોન– બેંકિંગ ફાયનાન્સ કંપની (NBFC) દ્વારા ચૂકવવામાં આવશે.
(A) 1 અને 2 (B) 2, 3 અને 4 (C) 1 અને 4 (D) 1, 3 અને 4

17. ગુજરાતમાં વર્ષ 2022 સુધી કુલ કેટલા સાંસ્કૃતિક વનનું લોકાર્પણ કરવામાં આવ્યું?
(A) 20 (B) 21 (C) 22 (D) 24

18. તાજેતરમાં કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના નેશનલ ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી અવેરનેસ મિશન (NIPAM) અંર્તગત 28 રાજયો અને 7 કેન્દ્રશાસિત પ્રદેશોમાં કેટલા વિદ્યાર્થીઓને બૌદ્ધિક સંવદા (IP) અગે તાલીમ આપવાનું લક્ષ્ય હાસંલ થયુ છે?
(A) 1 મિલિયન (B) 0.5 મિલિયન (C) 2 મિલિયન (D) 3 મિલિયન

19. ગ્લોબલ એમ્પ્લોયમેન્ટ ટ્રેન્ડ્સ ફોર યુથ 2022 રિપોર્ટ અનુસાર ભારતમાં રોજગારમાં ઘટાડાની સ્થિતિ ખાસ કરીને કયા વયની જૂથ માટે ગંભીર છે.
(A) 15 થી 28 વર્ષ (B) 12 થી 15 વર્ષ (C) 10 થી 14 વર્ષ (D) 15 થી 20 વર્ષ

20. ગુજરાતમાં રાજયકક્ષાનો 76 મો સ્વાતંત્ર્ય દિવસ કયાં મનાવવામાં આવ્યો?
(A) મોડાસા (B) ગીર સોમનાથ (C) શામળાજી (D) દ્વારકા

21. તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે 73 માં વન મહોત્સવ નિમિત્તે વટેશ્વર વનનું લોકાર્પણ કરવામાં આવ્યું જે કયાં આવેલું છે?
(A) ધરમપુર – વલસાડ (B) સેકટર, 75 – ગાંધીનગર (C) દુધરેજ – સુરેન્દ્રનગર (D) વાંકાનેર – મોરબી

22. તાજેતરમાં ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન દ્વારા બહાર પાડવામાં આવે ગ્લોબલ એમ્પ્લોયમેન્ટ ટ્રેન્ડ્સ ફોર યુથ 2022 રિપોર્ટ મુજબ વર્ષ 2022 માં વૈશ્વિક સ્તરે કેટલા ટકા યુવતીઓ રોજગારમાં હોવાનો અંદાજ છે?
(A) 40.3% (B) 8.65 (C) 27.4% (D) 32.4%

23. તાજેતરમાં નેશનલ ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી અવેરનેસ મિશન (NIPAM) અંર્તગત કેટલા શૈક્ષણિક સંસ્થાઓને તાલીમ આપવાનું લક્ષ્ય હાસંલ થયુ છે?
(A) 5562 (B) 3662 (C) 2662 (D) 4662

24. ગુજરાતમાં 76 માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે કયા મંદિરનો ગુજરાત સરકારે યાત્રાધામ જાહેર કર્યું?
(A) શામળાજી મંદિર (B) અંબાજી મંદિર (C) સોમનાથ મંદિર (D) પાવાગઢ મંદિર

25. ભારતમાં વન મહોત્સવની શરૂઆત કયારે થઈ હતી?
(A) 1950 (B) 1951 (C) 1952 (D) 1947

26. ગ્લોબલ એમ્પ્લોયમેન્ટ ટ્રેન્ડ્સ ફોર યુથ 2022 રિપોર્ટ મુજબ વર્ષ 2022 માં વૈશ્વિક સ્તરે બેરોજગાર યુવાનોની સંખ્યા કેટલા સુધી પહોંચી જવાનો અંદાજ છે?
(A) 82 મિલિયન (B) 58 મિલિયન (C) 39 મિલિયન (D) 73 મિલિયન

27. NIPAM (National Intellectual Property Awareness Mission) ની સમય મર્યાદા ડિસેમ્બર 2021 થી લઈને કયાં સુધી છે?
(A) જુન 2022 (B) જુલાઈ 2022 (C) સપ્ટેમ્બર 2022 (D) ઓગસ્ટ 2022

28. તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે 'રામવન' ધ અર્બન ફોરેસ્ટનું લોર્કાપણ કયાં કર્યું?
(A) એકતાનગર (B) ભાવનગર (C) રાજકોટ (D) ગીર સોમનાથ

29. ગ્લોબલ એમ્પ્લોયમેન્ટ ટ્રેન્ડ્સ ફોર યુથ 2022 રિપોર્ટ અનુસાર ગ્રીન અને બ્લુ ઈન્વેસ્ટમેન્ટના માધ્યમથી વર્ષ 2030 સુધીમાં યુવાનો માટે નવી કેટલી નોકરીઓનું સર્જન થઈ શકે છે ?
(A) 8.4 મિલિયન (B) 7.5 મિલિયન (C) 10 મિલિયન (D) 5.5 મિલિયન

**30. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે સંયુક્ત કવાયત 'વ્રજ પ્રહાર 2022' યોજાઈ હતી ?**
(A) જાપાન (B) ફિલિપાઈન્સ (C) અમેરિકા (D) ફ્રાન્સ

**31. 'વિશ્વ મચ્છર દિવસ' ક્યારે ઉજવવામાં આવે છે ?**
(A) 05 ઓગસ્ટ (B) 10 ઓગસ્ટ (C) 13 ઓગસ્ટ (D) 20 ઓગસ્ટ

**32. ગ્લોબલ એમ્પ્લોયમેન્ટ ટ્રેન્ડસ ફોર યુથ 2022 રિપોર્ટ અનુસાર વૈશ્વિક શ્રમ બજારમાં ભારતીય યુવતીઓનું પ્રમાણ કેટલા ટકા છે?**
(A) 5% (B) 18% (C) 10% (D) 12%

**33. 'AzaadiSAT' ઉપગ્રહો વિશે વિધાન ચકાસો અને સાચા વિધાન જણાવો.**
**(i) તાજેતરમાં ISRO દ્વારા AzaadiSAT ઉપગ્રહ સાથે 'અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ–2' પણ લોન્ચ કરવામાં આવ્યું હતું.**
**(ii) પોલર સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (PSLV)ના મદદથી આ ઉપગ્રહો લોન્ચ કરવામાં આવ્યા હતા.**
**(iii) AzaadiSAT એ નાના કદનો 8 કિલોગ્રામનો ઉપગ્રહ છે જે સેલ્ફી કેમેરા અને સોલર પેનલથી સજ્જ છે.**
(A) માત્ર (i) અને (ii) (B) માત્ર (i) અને (iii) (C) માત્ર (ii) અને (iii) (D) (i), (ii) અને (iii)

**34. તાજેતરમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે રાજકોટ ખાતે કયા અર્બન ફોરેસ્ટનું લોકાર્પણ કર્યુ?**
(A) વટેશ્વર વન (B) જડેશ્વર વન (C) રામવન (D) રંગીલુ વન

**35. તાજેતરમાં આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (ILO) દ્વારા બહાર પાડવામાં આવેલ ગ્લોબલ એમ્પ્લોયમેન્ટ ટ્રેન્ડસ ફોર યુથ 2022 રિપોર્ટ વિશે નીચેનામાંથી કયુ વિધાન સાચું છે?**
(1) આ રિપોર્ટ અનુસાર ભારતીય યુવાનોનું પ્રમાણ વૈશ્વિક શ્રમ બજારમાં માત્ર 5% છે.
(2) આ રિપોર્ટ મુજબ વૈશ્વિકસ્તરે યુવાન પુરુષોને નોકરી મેળવવાની સંભાવના યુવતીઓ કરતા 1.5 ગણ વધુ છે.
(3) આ રિપોર્ટ મુજબ વર્ષ 2030 સુધીમાં યુનિવર્સલ બ્રોડબેન્ડ કવરેજ હાસલ કરવાથી વિશ્વભરમાં 24 મિલિયન નોકરીઓનું સર્જન થશે.
(4) આ રિપોર્ટ અનુસાર વર્ષ 2021 અને 2022 માં ભારતીય યુવાનોની સરખામણીમાં ભારતીય યુવતીઓએ રોજગારમાં ઘટાડો અનુભવ્યો છે.
(A) 1 અને 3 (B) 2, 3 અને 4 (C) 1 અને 4 (D) 1, 3 અને 4

**36. 'વિશ્વ સિંહ દિવસ' ક્યારે ઉજવવામાં આવે છે ?**
(A) 12 ઓગસ્ટ (B) 10 ઓગસ્ટ (C) 9 ઓગસ્ટ (D) 8 ઓગસ્ટ

**37. તાજેતરમાં સ્વતંત્રતા દિવસના પર્વ પર કેટલા પોલીસ જવાનોને 'રાષ્ટ્રપતિ પોલિસ મેડલ' આપવામાં આવ્યા ?**
(A) 1082 (B) 2022 (C) 1947 (D) 7575

**38. તાજેતરમાં વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ (CSIR – Council of Scientific and Industrial Research)ના પ્રથમ મહિલા ડિરેકટર તરીકે કોની પસંદગી કરવામાં આવી ?**
(A) એન. કલાઈસેલ્વી (B) મિનાક્ષી કવિરાજ (C) અનુસયા ગહલોત (D) મમતાસિંહ રાજપૂત

**39. તાજેતરમાં ભારતની પ્રથમ ઈલેક્ટ્રિક ડબલ ડેકર બસ "Switch Eiv 22" કયા શહેરમાં શરૂ કરવામાં આવી ?**
(A) અમદાવાદ (B) દિલ્હી (C) મુંબઈ (D) બેંગલુરુ

**40. સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય યુવા દિવસ ક્યારે ઉજવવામાં આવે છે ?**
(A) 12 જાન્યુઆરી (B) 12 માર્ચ (C) 12 જુલાઈ (D) 12 ઓગસ્ટ

**41. તાજેતરમાં ઈસરો સ્પેસ એપ્લીકેશન સેન્ટર દ્વારા સારાભાઈની કેટલામી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી ?**
(A) 101મી (B) 102મી (C) 103મી (D) 104મી

**42. હાલ ચર્ચામાં રહેનાર 'NIPUN' અને F-INSAS નો સંબંધ નીચેનામાંથી કોની સાથે છે ?**
(A) આગામી વર્ષમાં ISRO દ્વારા લોન્ચ કરવામાં આવનાર સેટેલાઈટ છે.
(B) IIT – ગુવાહાટી દ્વારા દિવ્યાંગો માટે શોધવામાં આવેલા સાધનો છે.
(C) ભારતીય સેના માટેના આધુનિક હથિયારો છે.
(D) આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા લોન્ચ કરવામાં આવેલી યોજનાઓ છે.

**43. તાજેતરમાં યુગપુરુષ મહર્ષિ અરવિંદ ઘોષની કેટલામી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી ?**
(A) 101મી (B) 111મી (C) 150મી (D) 125મી

Banking Academy

**44. નીચેના વિધાનો ચકાસો અને સાચા વિધાન જણાવો.**
**(i) દર વર્ષે 12 ઓગસ્ટના રોજ વિશ્વ હાથી દિવસ ઉજવવામાં આવે છે.**
**(ii) ભારત સરકારે ભારતીય હાથીને વર્ષ 2015માં રાષ્ટ્રીય વિરાસત પ્રાણી તરીકે જાહેર કરવામાં આવ્યું છે.**
(A) માત્ર (i) (B) માત્ર (ii) (C) (i) અને (ii) (D) એકપણ નહીં

**45. 'મંથન પ્લેટફોર્મ' વિશે નીચેના વિધાનો ચકાસો.**
**(i) મંથન પ્લેટફોર્મ ઉદેશ્ય ઉદ્યોગ અને વૈજ્ઞાનિક સંશોધન અને વિકાસ ઈકોસિસ્ટમ વચ્ચેના સ્તરે સહયોગને પ્રોત્સાહન આપવાનો છે.**
**(ii) આ પ્લેટફોર્મ ભારતના ટકાઉપણુ લક્ષ્યોને (SDGs) હાંસલ કરવામાં મદદ કરશે.**
**(iii) ભારત સરકારના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર વિભાગ દ્વારા આ પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવ્યું છે.**
**ઉપર આપેલા વિધાનોમાંથી સાચું / સાચા વિધાન / વિધાનો જણાવો.**
(A) (i), (ii) અને (iii) (B) માત્ર (i) અને (ii) (C) માત્ર (i) અને (iii) (D) માત્ર (iii)

**46. 'વિશ્વ માનવતા દિવસ' ક્યારે ઉજવવામાં આવે છે ?**
(A) 12 જુલાઈ (B) 19 ઓગસ્ટ (C) 26 જુલાઈ (D) 9 ઓગસ્ટ

**47. નીચેના વિધાનો ચકાસો અને સાચા વિધાન જણાવો.**
**(i) વર્તમાનમાં ભારતની કુલ 75 રામસર સાઈટ્સ છે.**
**(ii) વર્તમાનમાં ગુજરાતમાં કુલ 4 રામસર સાઈટ્સ છે.**
**(iii) ઓગસ્ટ, 2022ના સ્થિતિ મુજબ ભારતમાં સૌથી વધુ રામસર સાઈટ્સ તમિલનાડુમાં (14) છે.**
**(iv) દર વર્ષે 2 ફેબ્રુઆરીના રોજ વિશ્વ આદ્રભૂમિ દિવસ ઉજવવામાં આવે છે.**
(A) (i), (ii) અને (iii) (B) (i) અને (ii) (C) (i), (ii) અને (iv) (D) આપેલ બધા સાચાં છે.

Banking Academy

## Facts....Inshort

1. તાજેતરમાં ભારત અને ચીન દ્વારા પૂર્વી લદ્દાખમાં કયા પોઈન્ટ પર એર સ્પેસ ઉલ્લંઘન પર લશકરી વાટાઘાટાનો વિશેષ રાઉન્ડ યોજવામાં આવ્યો?– **ચુશુલ મોલ્ડો બોર્ડર મિટિંગ પોઈન્ટ**
2. તાજેતરમાં જુલાઈ, 2022 માં ગોલ્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ (ETFs) માં કેટલા કરોડનો ચોખ્ખો આઉટફ્લો જોવા મળ્યો છે. – **457 કરોડ**
3. તાજેતરમાં રશિયાએ પશ્ચિમી પ્રતિબંધો અને કોરોના વાયરસના ચેપને કારણે વોશિંગ્ટન સાથેની 'ન્યુ સ્ટાર્ટ ટ્રિટી' હેઠળ કયા દેશની ઓનસાઈટ તપાસને સ્થગિત કરી દીધી છે? – **યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકા**
4. તાજેતરમાં 8 મી ઓગસ્ટ 2022 ના રોજ હિંદ છોડો આંદોલન (Quit India Movement) નાં કેટલા વર્ષ પૂર્ણ થયા છે જેને ઓગસ્ટ ક્રાંતિ તરીકે પણ ઓળખવામાં આવે છે? – **80 વર્ષ**
5. તાજેતરમાં ચૂંટણી પક્ષો કયા એક્ટને સખત રીતે અમલમાં મૂકવાના વચનો આપીને ગુજરાતમાં આદિવાસીઓને આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યા છે? – **પંચાયત એક્સટેન્શન ટુ શિડયુલ એરિયાઝ (Pesa) ઍક્ટ, 1996**
6. તાજેતરમાં કયા રાજયની એસેમ્બલી દ્વારા નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝનને લાગુ કરવા અને રાજય વસ્તી આયોગ (SPC) ની સ્થાપના કરવાનો ઠરાવ કરવામાં આવ્યો છે? – **મણિપુર**
7. તાજેતરમાં ચીનનું કયુ સેટેલાઈટ ટ્રેકિંગ જહાજ શ્રીલંકાના દક્ષિણ હમ્બનટોટા બંદર પર પહોંચ્યું છે? – **Yuan wang 5**
8. તાજેતરમાં હિમાચલ પ્રદેશ સરકાર દ્વારા કયા બિલની દરખાસ્ત કરવામાં આવી છે કે જેમાં સામૂહિક ધર્મ પરિવર્તનને ગુનાહિત બનાવવાની માંગ કરવામાં આવી છે? – **હિમાચલ પ્રદેશ ધર્મ સ્વતંત્રતા (સુધારા) બિલ – 2022**
9. તાજેતરમાં કયા મંત્રાલય ગટર અને સેપ્ટિક ટાંકીઓની સફાઈ કાર્યમાં રોકાયેલા તમામ સ્વચ્છતા કર્મચારીઓની ગણતરી કરવા માટે દેશવ્યાપી (Nation wide) સર્વે હાથ ધરવાની તૈયારી કરી રહી છે? – **સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય**
10. તાજેતરમાં આફ્રિકાના કયા દેશમાંથી એક પ્રતિનિધિ મંડળ ભારતની મુલાકાતે આવ્યો છે? – **ગેબન દેશ**
11. તાજેતરમાં કયો દેશ વિશ્વનું પ્રથમ દેશ બન્યો છે જેને પીરિયડ પ્રોડક્ટ્સ એક્ટ પસાર કરીને બધા માટે પીરિયડ (માસિક સ્ત્રાવ) નો પ્રોડક્ટ્સને મફત આપવાની જાહેરાત કર્યુ છે? – **સ્કોટલેન્ડ**
12. તાજેતરમાં ભારતીય હવામાન વિભાગ (IMP) અનુસાર કઈ નદીમાં ભારે વરસાદના કારણે ઓડિશામાં પૂરની સ્થિતિ સર્જાઈ છે? – **મહાનદી**
13. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ગુજરાતના દરેક જીલ્લામાં કેટલા 'અમૃત સરોવર' નું નિર્માણ કરવામાં આવશે? – **75**
14. તાજેતરમાં નર્મદા નદીની કઈ ઉપનદી પર બનેલા 'કરમ ડેમ' નો બહારનો ભાગ તૂટી પડયો છે? – **કરમ નદી**
15. ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે સૌરાષ્ટ્રની આગવી ભાતીગત સંસ્કૃતિની ઓળખ સમા પરંપરાગત લોકમેળાનો પ્રારંભ કયાં કરાવ્યો? – **રાજકોટ**
16. તાજેતરમાં કઈ સંસદીય સ્થાયી સમિતિ દ્વારા સંસદમાં 'વાલીઓ અને દત્તક કાયદાઓની સમીક્ષા' અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે અને અનાથ તથા ત્યજી દેવાયેલા બાળકોને ઓળખવા માટે જિલ્લા સ્તરીય સર્વેક્ષણની ભલામણ કરવામાં આવી છે? – **કર્મચારી, જાહેર ફરિયાદ અને કાયદો અને ન્યાય અંગેની સંસદીય સ્થાયી સમિતિ**

Banking Academy

## Govt.Jobs જેવી કે

BANK | SBI | IBPS | LIC | SSC | RRB | RBI

તેમજ

GPSC | PSI | નાયબ મામલતદાર | રાજ્યવેરા નિરીક્ષક | તલાટી

બિન સચિવાલય | કોન્સ્ટેબલ | TET/TAT | ચીફ ઓફીસર

ની માહિતી / ભરતીઓ / તૈયારી ના માર્ગદર્શન /Materials / ઓનલાઈન ફોર્મ ની સંપૂર્ણ માહિતી તેમજ Regular Update માટે આજે જ અમારા Social Media Platforms જેવા કે ટેલીગ્રામ / ઈન્સ્ટાગ્રામ / ફેસબુક Youtube સાથે નીચેના Icon પર Click કરીને જોડાઓ.

BANKING ACADEMY

# GPSC Class - I/II માટે સંપૂર્ણ મટીરીયલ સેટ




**COMBO BOOKS SET**

**8140858555**

આ સંપૂર્ણ મટીરીયલ સેટ મેળવવા માટે સંપર્ક કરો

# GPSC Class - III માટે સંપૂર્ણ મટીરીયલ સેટ




## Head Office-Surat (Udhna Branch)

Shree Arc, Opp. Shanidev Temple, Sosyo Corcle, Udhna-Magdalla Road, SURAT.

| Contact | Visit us | Email |
|---|---|---|
| 70466 33255 | www.bankingacademy.co.in | info@bankingacademy.co.in |

## Branches

**VARACHHA (Surat)**
4th Floor, "Silver Business Hub"
Simada-Naka to Yogichowk,
150ft BRTS Road, Varachha, Surat.
**Ph. 70464 16555**

**NAVSARI**
J.P. Plaza, Nr. Sushrusha Hospital,
Vijalpore, Navsari.
**Ph. 70466 41555**

**VYARA**
1st Floor, Skyline,
Railway Station Road,
Opp. New Bus Stand, Vyara.
**Ph. 90998 64658**